


૨૨ ફેબ્રુઆરી ૧૯૮૧ના રોજ જેમનો હજાર વર્ષીય મહા મસ્તકાભિષેક થયો એ ગોમ્મટેશ્વર ભગવાન બાહુબલીનો ૨૨ વર્ષ પહેલાં સં. ૨૦૧૫માં યાત્રા સંઘ સહિત અભિષેક કરી રહેલા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

માર્ચ ૧૯૮૧ [૪૪૯]

* આત્મધર્મ *

અંક : ૯
વર્ષ : ૩૭



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) કોઈ પ્રાણી વિષ ખાય તો તેની વેદનાથી તે એક જ જન્મમાં કષ્ટથી મરે છે, પરંતુ જે પ્રાણીઓએ ઇન્દ્રિયના ભોગરૂપી વિષનું પાન કર્યું છે તે પ્રાણીઓ આ સંસારવનમાં વારંવાર ભમ્યા કરે છે–વારંવાર મરે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, શીલ પાહુડ ગાથા–૨૨)

(૨) વાસ્તવિક સુખ મોક્ષમાં છે અને તે મુમુક્ષુજનો દ્વારા સિદ્ધ કરવા યોગ્ય છે. અહીં સંસારમાં તે સુખ નથી. અહીં જે સુખ છે તે નિશ્ચયથી સાચું સુખ નથી. સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ રમણીય નથી. આ જાતનો અમને ગુરુના ઉપદેશથી નિશ્ચય થઈ ગયો છે, આ કારણે અમને મોક્ષપદ પ્રિય છે.

મોહના ઉદયરૂપ વિષથી મિશ્રિત સ્વર્ગનું સુખ પણ જો નશ્વર હોય તો ભલા બીજા તુચ્છ સુખોના સંબંધમાં શું કહેવું? અર્થાત તે તો અત્યંત હેય છે જ, તેથી મને એવા સંસારસુખથી બસ થાવ–હું એવું સંસારસુખ ચાહતો નથી.

(શ્રી પદ્મનંદી આચાર્ય, એકત્વભાવના–દશક, શ્લોક ૫–૬–૭)

(૩) જેણે મમતા રહિત ભાવથી, સંતોષરૂપી અમૃતનું પાન કર્યું છે તેણે સર્વ માનસિક દુ:ખનો ત્યાગ કર્યો છે. જેમ દુર્જનની સાથે મિત્રતા છૂટી જાય છે તેમ સર્વ દુ:ખ છૂટી જાય છે.

(શ્રી કુલભદ્રઆચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક–૨૪૬)

(૪) પતિભક્તિ રહિત સ્ત્રી, સ્વામી-ભક્તિ રહિત નોકર, શાસ્ત્ર-ભક્તિ રહિત યતિ તથા ગુરુ-ભક્તિ રહિત શિષ્ય નિયમથી દુર્ગતિના પાત્ર છે.

(શ્રી કુંદકુંદઆચાર્ય, રયણસાર. ગાથા–૮૧)

વાર્ષિક
લવાજમ
નવ રૂપિયા
વર્ષ ૩૭
અંક ૯
[ ૪૪૯ ]

વીર
સંવત
૨૫૦૭
A.D. 1981
MARCH




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## અમે હવે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ

જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે. 'આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડયા? અમને અહીં ગોઠતું નથી. અહીં અમારું કોઈ નથી. જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. અમે હવે તે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારા છે. ૪૦૧.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

જ્ઞાનીનું પરિણમન—જ્ઞાની તેને કહીયે કે જે અંદર પુણ્ય-પાપના ભાવથી ભિન્ન ને અંદર અતીન્દ્રિય આનંદના નાથથી અભિન્ન છે એવા જ્ઞાનીનું પરિણમન—દયા-દાન-વ્રત-ભક્તિ આદિના વિભાવથી વિમુખ હોય છે. જ્ઞાનીનું પરિણમન શુભાશુભ ભાવથી પાછું વળીને સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે. જ્ઞાની તો નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે સ્થિર થવા તલસે છે. લોભી જેમ ગમે તેટલા રૂપિયા પામે તોપણ વધુ ને વધુ મેળવવા તલસે છે તેમ જ્ઞાની સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.

ધર્મીને એ જ ભાવના હોય છે કે હું પરિપૂર્ણપણે સ્વરૂપમાં ઠરી જાઉં. ભાવલિંગી સંત તો પ્રમત્ત-અપ્રમત્ત ભાવમાં ઝૂલતા હોય છે તે પણ પરિપૂર્ણ ઠરી જવા તલસે છે. દયા-દાન-ભક્તિનો ભાવ આવે છે એ વિભાવભાવ અમારો દેશ નથી. આહાહા! ગજબ વાત છે પણ અરેરે! એણે કદી સાંભળી નથી, પોતાની ચીજની કદી સંભાળ કરી નથી ને બહારની ચીજ સંભાળવા તત્પરતા! અહીં કહે છે કે શુભભાવ અમારો દેશ નથી. વિભાવભાવ અમારો દેશ નથી.

ધર્મીને અંદરમાં આવી ભાવના વર્તે છે. ધર્મીને ભક્તિ આદિનો ભાવ તો આવે છે પણ આ વિભાવભાવ અમારો દેશ નથી. જે પ્રભુ કહે છે તે અહીં બેન કહે છે. પોતાના અનુભવમાંથી જે વાણી આવી તે વાણીમાં કહે છે કે શુભ ને અશુભભાવ આવે છે પણ એ અમારો દેશ નથી. શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે....તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે....એક દેહ ધારણ કરવો પડશે પણ પછી શાંતિના સાગર સ્વરૂપમાં-અમારા સ્વદેશમાં જશું....એવી ધર્મીની ભાવના હોય છે.

વિભાવભાવ-ભગવાનની ભક્તિ કે શાસ્ત્ર-ભક્તિનો વિકલ્પ એ અમારો દેશ નથી એમ ધર્મી જાણે છે. ભગવાન આત્મા પોતાની અનંત અનંત શુદ્ધ નગરીમાં બિરાજમાન છે. તેમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસતાં ધર્મી એમ જાણે છે કે આ વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા? ધર્મીને ભગવાનની ભક્તિ આદિનો રાગ આવે છે પણ અરે! અમે ક્યાં આ પરદેશમાં આવી ચડ્યા? -એમ ધર્મીને લાગે છે. અરે! પુણ્ય-પાપનો ભાવ પરદેશ છે. પોતાના સ્વરૂપ-સ્વદેશમાં એ પુણ્ય-પાપનો ભાવ નથી.

અરે પ્રભુ! પુણ્ય ને પાપના ભાવમાં-પરદેશમાં તું ક્યાં આવી ચડ્યો? પ્રભુ! તારા સ્વદેશમાં તો અનંત અનંત ગુણ ને એક એક ગુણમાં અનંતી અનંતી પર્યાય ભરી પડી છે. એ તારો સ્વદેશ છે. ભાષા તો સહેલી છે પણ ભાવ ગંભીર છે, ધર્મી જીવ કે જેને સ્વદેશનું ભાન થયું છે તે કહે છે કે અરે! અમે આ શુભાશુભ ભાવના પરદેશમાં ક્યાં આવી ચડ્યા? અમને અહીં ગોઠતું નથી. અમારું અહીં કોઈ નથી. જ્યાં જ્ઞાન-શ્રદ્ધા-શાંતિ આદિ અનંત ગુણોરૂપી અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે. હવે અમે સ્વરૂપ-સ્વદેશ તરફ જઈએ છીએ.

જ્ઞાન, આનંદ, શાંતિ અંદર પૂરણ ભર્યા છે તે તરફ અમે જઈ રહ્યા છીએ, જ્યાં અમારો પરિવાર વસે છે એ અમારો સ્વદેશ છે, ત્યાં અમે જઈ રહ્યા છીએ. રાગાદિ અમારું વતન નથી, અમારું ઘર નથી, અમારો પરિવાર નથી, અમારે તો એટલે કે જેને આત્માનું ભાન થયું છે એવા ધર્મી કહે છે કે અમારે તો ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે, સ્વરૂપ-સ્વદેશમાં આરામ છે, બહારમાં ક્યાંય આરામ નથી.

જ્ઞાન, દર્શન, વીર્ય, પ્રભુતા, સ્વચ્છતા એવા અનંત ગુણો જ્યાં વસે છે એવા અમારા મૂળ વતનમાં અમારે જલ્દી જઈને આરામથી નિરાંતે વસવું છે. + + +

## અદ્‌ભુત જ્ઞાનશક્તિ

સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ પોતાને પૂર્ણપણે—પોતાના સર્વગુણોના ભૂત-વર્તમાન-ભાવી પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદો સહિત—પ્રત્યક્ષ જાણે છે. સાથે સાથે તેઓ સ્વક્ષેત્રમાં રહીને પર સમીપ ગયા વિના, પરસન્મુખ થયા વિના, નિરાળા રહીને લોકાલોકના સર્વ પદાર્થોને અતીન્દ્રિયપણે પ્રત્યક્ષ જાણે છે. પરને જાણવા માટે તેઓ પરસન્મુખ થતા નથી. પરસન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે—રોકાઈ જાય છે, ખીલતું નથી. પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી. તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં, ત્રણે કાળનાં તેમ જ લોકાલોકનાં બધાં સ્વ-પર જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયાં હોય તેમ, સમસ્ત સ્વ-પરને એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે; જે વીતી ગયું છે તે બધાને પણ પૂરું જાણે છે, જે હવે પછી થવાનું છે તે બધાને પણ પૂરું જાણે છે. જ્ઞાનશક્તિ અદ્‌ભુત છે. ૪૧૩.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સર્વજ્ઞ ભગવાન જેવા છે તેવી જેને પ્રતીતિ હોય, સર્વજ્ઞ દીઠા પ્રમાણે થશે એવી જેને શ્રદ્ધા હોય તેને સ્વભાવ સન્મુખની દૃષ્ટિ હોય છે. સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમી ગયા છે. તેઓ પોતાને ભૂત-વર્તમાન-ભવિષ્યના પર્યાયોના અવિભાગ પ્રતિચ્છેદ સહિત પ્રત્યક્ષ જાણે છે. સાથોસાથ પરની સમીપ ગયા વિના ને પર-સન્મુખ થયા વિના પરને-લોકાલોકને જાણે છે, અલોકનો તો અંત નથી તેને પણ અંત રહિતપણે જાણે છે.

આહાહા! સર્વજ્ઞની સત્તાની અસ્તિ કેવી છે તે કહે છે અને તે જે જાણે-માને તે આત્માની સન્મુખ થયા વિના રહે નહીં. સર્વજ્ઞદેવ લોકાલોકને જાણે છે પણ લોકાલોકની

સમીપ ગયા વિના લોકાલોકની સન્મુખ થયા વિના ને તેનાથી નિરાળા રહીને અતીન્દ્રિય-પણે પ્રત્યક્ષ જાણે છે. આને કેવળજ્ઞાન કહેવાય. પરને જાણવા પર-સન્મુખ થતાં નથી પર સન્મુખ થવાથી તો જ્ઞાન દબાઈ જાય છે, ઢંકાઈ જાય છે.

સ્વ સ્વરૂપની સમીપ ને સન્મુખ રહીને, પરક્ષેત્રને સ્પર્શ્યા વિના પરનું જ્ઞાન કરે છે. ચૈતન્યનો ઉપયોગ સ્વસન્મુખ થાય તો જ્ઞાનનો વિકાસ થાય ને પરસન્મુખ ઉપયોગ જાય તો જ્ઞાન દબાઈ જાય, રોકાઈ જાય છે. કેવળીને સ્વરૂપનાં લક્ષે કેવળજ્ઞાન થયું તેમાં લોકાલોક જાણવામાં આવી ગયું. પૂર્ણરૂપે પરિણમી ગયેલું જ્ઞાન કોઈને જાણ્યા વિના રહેતું નથી.

આ તો બેન અંતરથી બોલ્યા એ વાત આવી ગઈ છે. રાત્રે બહેનોમાં બેન બોલી ગયેલા ને કોઈએ લખી લીધેલું એટલે આ વાત બહાર આવી, નહીં તો બહાર આવે જ નહીં. એક જીવના એક ગુણની એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે એવા અરિહંતને જાણીને એ વિકલ્પને છોડી પર્યાયને સન્મુખ લઈ જાય તે પોતાના સ્વરૂપને જાણી-અનુભવી લે છે.

સર્વજ્ઞદેવ લોકાલોકને જાણે છે ને સ્વક્ષેત્રમાં રહીને જાણે છે. તે જ્ઞાન સ્વચૈતન્યક્ષેત્રમાં રહ્યાં રહ્યાં ત્રણ કાળ ત્રણ લોકના બધાં સ્વ-પર જ્ઞેયો, જાણે કે જ્ઞાનમાં કોતરાઈ ગયા હો તેમ એક સમયમાં સહજપણે પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય વીતી ગઈ છે ને જે પર્યાય થવાની બાકી છે તે બધાંને પણ પૂરું જાણે છે, પ્રત્યક્ષ જાણે છે. છદ્મસ્થને પણ લોટના પિંડાનું ગોવણું જોઈને પૂર્વે લોટ હતો ને હવે રોટલી થશે એમ સ્પષ્ટ ખ્યાલમાં આવે છે તો કેવળજ્ઞાનીની તો શું વાત કરવી! ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે છે અને એવો જ તારો સ્વભાવ છે, માટે તું નિમિત્તનું, રાગનું ને અલ્પજ્ઞાનનું લક્ષ છોડી દે. અંદરમાં સર્વજ્ઞ સ્વભાવ છે તેની દૃષ્ટિ કર. આ આત્મામાં જ્ઞાનશક્તિ કોઈ અદ્ભુત છે.

કેવળ દર્શનમાં આ જીવ છે, આ ભગવાન છે, મારો ગુણ છે એવો કોઈ ભેદ પાડવો નથી, બસ છે....છે...છે....એમ ભેદ પાડયા વિના જાણે છે અને તે જ સમયે કેવળજ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને તેના ભૂતકાળ-ભવિષ્ય-વર્તમાન પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદને ભેદ પાડીને જાણે. એક સમયમાં કેવળજ્ઞાન ભેદ પાડીને જાણે ને એ જ સમયે કેવળદર્શન છે....છે....છે....એમ ભેદરહિતપણે જાણે. પ્રભુ! આ તારો કોઈ અદ્ભુત મહિમા છે.

# ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલા દુ:ખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુ:ખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકના દુ:ખ સાંભળ્યા જાય એવાં નથી; પગમાં કાંટો વાગે તેટલું દુ:ખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુ:ખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા–અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૧૬.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

ભવ-ભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. મિથ્યાત્વમાં અનંત ભવ પડ્યા છે પણ મિથ્યાત્વ કોને કહે એની પણ લોકોને ખબર નથી. અરેરે! રાગની એકતા ને પરદ્રવ્યની એકતા તે મિથ્યાત્વભાવ, पर्यायमूढा परसमया—એમ પ્રવચનસારમાં કહ્યું. પરચીજ તો દૂર રહી, શરીર–વાણી–મન–સ્ત્રી–પુત્ર–પૈસા, અરે! દેવ–શાસ્ત્ર–ગુરુ તો દૂર રહ્યા પણ જે એક સમયની પર્યાય છે તેમાં જે મૂઢ છે, ત્રિકાળી આનંદમૂર્તિ પ્રભુની દૃષ્ટિ ન કરીને જે એક સમયની પર્યાયની દૃષ્ટિ છે તે ભવભ્રમણનું કારણ છે. એ ભાવમાં ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી.

ભવ-ભ્રમણ ચાલુ રહે એવો ભાવ એટલે પર્યાય બુદ્ધિ, તેમાં ભવ ગુમાવવા જેવો નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. આ ભવ શેના માટે છે?—કે ભવના અભાવના પ્રયત્ન માટેનો આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુ:ખોથી ભરેલું છે. તેનો ઉપર ટપકે નહીં પણ ગંભીરતાથી વિચાર તો કર! વાદીરાજ મુનિ કહે છે કે પ્રભુ! પૂર્વના

દુઃખો યાદ કરતાં હૈયે આયુદ્ધ જેવા ઘા વાગે છે!—એવા તો દુઃખો તેં સહન કર્યાં, તેનો ગંભીરતાથી વિચાર તો કર ભાઈ!

નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળના આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? પ્રભુ! ભવભ્રમણના અભાવનો તેં કદી પ્રયત્ન કર્યો નહીં તેથી એવા અસહ્ય દુઃખો તેં સાગરોપમ સુધી અનંતવાર ભોગવ્યાં. નરકનાં દુઃખો કરોડો જીભે ને કરોડો ભવમાં ન કહી શકાય એવા દુઃખો તેં સહન કર્યાં પ્રભુ! જે દુઃખો સાંભળ્યા જાય નહીં ત્યાં અનંત અનંત કાળ ગાળ્યો. અનંતકાળે એકવાર મનુષ્ય ભવ મળે તોપણ અનંતવાર મનુષ્યભવ મળ્યો ને તેના કરતાં અસંખ્યગુણા અનંતા નરકનાં ભવ તેં કર્યાં, ત્યાં અસહ્ય દુઃખો તેં સહન કર્યાં, તેનો ગંભીરતાથી વિચાર તો કર બાપુ!

નરકનાં દુઃખો સાંભળ્યા જાય એમ નથી. પગમાં કાંટો વાગવા જેટલું દુઃખ પણ તારાથી સહન થતું નથી તો પછી જેના ગર્ભમાં અનંતા દુઃખો પડયા છે તે મિથ્યાત્વને છોડવાનો પ્રયત્ન તું કેમ નથી કરતો? તું શરીરને સ્પર્શતો નથી ને તેં માન્યું કે શરીર મારું છે—આ તેં શું કર્યું—શું માન્યું! વિપરીત માન્યતાના સ્થૂળ અસંખ્ય પ્રકાર ને સૂક્ષ્મ અનંત પ્રકાર છે. પરને મારી શકું કે જિવાડી શકું એ મિથ્યાત્વનો એક ભાગ છે—એમ સમયસારમાં પાઠ છે. પર અનંત ચીજોને પોતાની માની પણ ભાઈ! તારા સિવાય અન્ય ચીજને તું સ્પર્શતો પણ નથી અને તેં આ શું કર્યું! હું સત્ય બોલી શકું—એમ માન્યું પણ એ તો મિથ્યાત્વનો એક ભાગ છે. મિથ્યાત્વભાવને છોડવાનો પ્રયત્ન કેમ કરતો નથી? ગફલતમાં કેમ પડયો છે.

આવો ઉત્તમ યોગ ફરી કયારે મળશે? જો આ ભવ વ્યર્થ ગુમાવ્યો તો ફરી આવો ઉત્તમ યોગ કયારે મળશે? તું વિપરીત માન્યતા છોડવા માટે મરણિયો પ્રયત્ન કર. મરીને પણ તું પ્રયત્ન કર એટલે કે ગમે તેવા પ્રસંગો હોય પણ મિથ્યાત્વ છોડવાનો ઉગ્ર પ્રયત્ન કર. શાતા-અશાતામાં તું રોકાઈ ગયો પણ એ તો તારાથી ભિન્ન છે. હમણાં અનુકૂળતા નથી માટે પછી પ્રયત્ન કરીશ-એમ તું અટકી ગયો પણ શાતા-અશાતાથી તો તું ભિન્ન છે. શરીરમાં રોગ-નિરોગ હો પણ તે તો તારાથી ભિન્ન છે. અરે! શુભાશુભ ભાવોથી પણ તું ભિન્ન છો. શુભાશુભભાવો તો આકુળતામય છે. ભગવાનની ભક્તિ-પૂજા -સ્મરણ કે શાસ્ત્ર-રચના-વંદના એ બધાં શુભભાવો તો આકુળતામય છે, પ્રભુ તો તેનાથી ભિન્ન નિરાકુળ જ્ઞાયકપ્રભુ છે.

આકુળતામય શુભાશુભભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયકસ્વભાવ છે. તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય-એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે * * *

# અમારું આ દુ:ખ કેમ મટે ?

પ્રશ્ન:—અનંતકાળના દુખિયારા અમે; અમારું દુ:ખ કેમ મટે?

ઉત્તર:—'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' એ રસ્તે જવાથી દુ:ખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે—એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણુથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણુથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે. ૪૧૯.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

એનને કોઈ એને પ્રશ્ન કર્યો કે અમે અનંતકાળના દુ:ખીયારા છીએ, અમારું આ દુ:ખ કેમ મટે? અનંતકાળથી અમે દુ:ખી છીએ. સાધન-સામગ્રી ને પૈસાથી અમે સુખી નથી પણ દુ:ખી છીએ એટલું તો નક્કી કર્યું છે તેથી એ દુ:ખ કેમ મટે? -એમ અંતરનો પ્રશ્ન કર્યો છે.

એનનો ઉત્તર છે કે હું જ્ઞાયક છું—ઠેઠ લઈ ગયા. હું તો જ્ઞાયક જ્ઞાયક જાણન-દેખન ભાવનો પિંડ છું. વિભાવથી જુદો હું જ્ઞાયક છું. પુણ્ય-પાપના ભાવથી ભિન્ન જ્ઞાયક છું. અંતરમાં ચૈતન્ય ઝળહળ જ્યોતિ જ્ઞાયકભાવ તે હું છું. ત્રિકાળી ચૈતન્યની મૂર્તિ જ્ઞાનઘન આનંદકંદ એ અસ્તિ ને પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્ત એ નાસ્તિ-એવો જ્ઞાયક પ્રભુ હું છું. આ તો અનંતકાળના દુ:ખિયારા અમે છીએ એમ જેને લાગ્યું છે તેને એ દુ:ખ કેમ મટે? તેનો ઉત્તર ચાલે છે. ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ ને પરભાવથી વિરક્ત જ્ઞાયક

હું છું-એમ દૃષ્ટિ કરવી તે દુઃખથી છૂટવાનો માર્ગ છે, એ સિવાય કોઈ ક્રિયાકાંડથી દુઃખ ટળશે નહીં. જ્ઞાયકનો અનુભવ ને પુણ્ય-પાપના ભાવથી વિરક્ત એવા જ્ઞાન ને વૈરાગ્ય વડે દુઃખ ટળશે.

હું ત્રિકાળ જાણન-દેખન સ્વભાવનો પિંડ ને પરભાવથી વિરક્ત જ્ઞાયક છું—એ માર્ગે જવાથી દુઃખનો નાશ થશે ને સુખની ઘડી આવશે. અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે. કેવો પ્રયત્ન કરવો? કેવો પુરુષાર્થ કરવો? -કે જ્ઞાયકની પ્રતીતિ થાય ને વિભાવની રુચિ છૂટે તેવો પુરુષાર્થ કરવો. તેથી અનંત કાળનું દુઃખ ટળશે ને સુખની ઘડી આવશે, આનંદનો સ્વકાળ પ્રાપ્ત થશે.

હું જ્ઞાયક છું, મારામાં શરીર-વાણી આદિ તો નથી પણ દયા-દાન આદિ પણ મારામાં નથી, એ મારી ચીજ નથી; હું તો જ્ઞાયક છું—આ બેનની વાણી છે. ભગવાનની વાણી છે એ જ બેનની વાણી છે. કહે છે કે હું જ્ઞાયક છું—એમ ભલે પહેલાં વિકલ્પથી ઉપલકપણે નિર્ણય કર. પછી ઊંડાણથી નિર્ણય કર, એ સિવાય કોઈ માર્ગ છે જ નહીં. પહેલાં ભલે ઉપલકપણે એટલે કે વિકલ્પાત્મકપણે હું જ્ઞાયક છું—એમ નિર્ણય કર. ઉપર ઉપરથી પણ પહેલાં નક્કી તો કર કે હું તો જ્ઞાયક જ છું. પુણ્ય-પાપભાવ એ મારી ચીજ નથી. અનંત અનંત સિદ્ધ એ પણ મારા જ્ઞાનના જ્ઞેય છે, હું મને જાણું એ જ્ઞાનમાં તેઓ આવી જાય-જણાઈ જાય છે, તેઓ મારી ચીજ નથી. હું તો જ્ઞાયક જ છું-એમ પહેલાં ભલે ઉપર ઉપરથી પણ નિર્ણય તો કર.

જાણન....જાણન....ચૈતન્યના પ્રકાશનું પૂર...જ્ઞાયક હું તો છું-એમ પહેલાં ઉપલક-ભાવે તો નિર્ણય કર. પછી ઊંડાણથી નિર્ણય કર. વિકલ્પથી અંદર વિચારમાં એ લે કે દેહ તો માટી છે ને પુણ્ય-પાપના ભાવ તો વિકાર છે, હું તો જ્ઞાયક છું. પછી ઊંડાણથી એનો નિર્ણય કર. ગમે તેમ કરીને એ માર્ગે જા. શુભાશુભભાવથી ભિન્ન જ્ઞાયકનો જ્ઞાયક-પણે અભ્યાસ કર. જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર. જાણનનો જાણનપણે અભ્યાસ કર. જ્ઞાયકનો બીજી રીતે નહીં પણ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કર—આ એક કરી લીધું તો બધું થઈ ગયું—બધું આવી ગયું.

શુભાશુભ ભાવથી ભિન્ન જ્ઞાયકનો-જાણનસ્વરૂપનો પહેલાં વિકલ્પથી પણ પછી તેને છોડીને જ્ઞાયકપણે અભ્યાસ કર. જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી. જાણનસ્વભાવી જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો એટલે કે પર્યાયમાં પકડવો. તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, અતીન્દ્રિય સુખનું ધામ છે, તેમાં તો આનંદ પાકે છે. સુખનું ધામ આત્મા છે, તેની દૃષ્ટિથી સુખ પ્રાપ્ત થશે.

# પર પ્રત્યે ઉદાસીન આત્મા

જેમ પર પદાર્થ ગમે તેમ પરિણમે તોપણ દીવો તો પ્રકાશક જ છે તેમ પર પદાર્થ ગમે તેમ પરિણમે પણ જીવ તો જાણે જ એવો તેનો સ્વભાવ છે. કાંઈ પર પદાર્થ જીવને જાણવાના કાર્યમાં જોડતા નથી કે તું મને જાણ, તું મને સાંભળ અને જીવ પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને પર પદાર્થને જાણવા જતો નથી. પર પદાર્થ ક્ષેત્રથી દૂર હોય કે નજીક, કાળથી પણ દૂર હોય કે નજીક, દીવાના પ્રકાશવાના સ્વભાવની જેમ પ્રભુનો તેને જાણવાનો સ્વભાવ હોવાથી પર પદાર્થો કાંઈ આત્માને વિક્રિયા ઉત્પન્ન કરાવતાં નથી. પરંતુ પર પદાર્થને જાણતાં સારાં-નરસાં માનીને રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન છે.

[ શ્રી સમયસાર ગાથા ૩૭૩–૩૮૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્ગલો આત્માને કાંઈ કહેતાં નથી કે 'તું અમને જાણ', અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (–સંબંધ વિનાનો, તટસ્થ) છે, તોપણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં–નરસાં માનીને રાગી–દ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે—એમ કહે છેઃ—

પ્રથમ દૃષ્ટાંત કહે છેઃ—

આ જગતમાં ઘટ–પટાદિ બાહ્ય પદાર્થ, જેમ દેવદત્ત નામનો પુરુષ યજ્ઞદત્ત નામના પુરુષને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, દીવાને સ્વપ્રકાશનમાં ( અર્થાત્ બાહ્ય પદાર્થને પ્રકાશવાના કાર્યમાં ) જોડતો નથી કે 'તું મને પ્રકાશ', અને દીવો પણ લોહચુંબક–પાષાણથી ખેંચાયેલી લોખંડની સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને બાહ્યપદાર્થને પ્રકાશવા જતો નથી; પરંતુ વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી તેમ

જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, દીવો જેમ બાહ્યપદાર્થની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે) તેમ બાહ્યપદાર્થની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ પ્રકાશે છે. એમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને, વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતો એવો મનોહર કે અમનોહર ઘટપટાદિ બાહ્યપદાર્થ જરાય વિક્રિયા ઉત્પન્ન કરતો નથી.

એવી રીતે બાહ્યપદાર્થ—શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ ને દ્રવ્ય—જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ, આત્માને સ્વજ્ઞાનમાં બાહ્યપદાર્થોને જાણવાના કાર્યમાં જોડતા નથી કે તું મને સાંભળ, નિંદાના શબ્દો એમ કહેતાં નથી કે તું મને સાંભળ, પણ અજ્ઞાની એમ જાણે છે કે આ નિંદાના શબ્દો મને કહે છે ને તેથી દ્વેષ કરે છે. નિંદા કે પ્રશંસા તો શબ્દોની પર્યાય છે, તેને જાણીને રોષ—તોષ કરે એ તો અજ્ઞાન છે. નિંદા કે પ્રશંસા તો શબ્દોની પર્યાય છે, જડની પર્યાય છે ને તું તારા સ્થાનને છોડીને ત્યાં સાંભળવા જતો નથી તો તેને રોષ કેમ થાય છે? શબ્દો તો પુદ્‌ગલની પર્યાય છે. રૂપ પણ પુદ્‌ગલની પર્યાય છે ને આત્મા તેનું સ્થાન છોડીને રૂપને જોવા જતો નથી ને રૂપ તને કાંઈ કહેતું નથી કે તું મને જો. એ રૂપનું પરિણમન તો પુદ્‌ગલના લઈને થયું છે, તેને જોતાં રોષ—તોષ કરે છે તે તારું અજ્ઞાન છે. શબ્દ ને રૂપાદિ તેના કારણે પરિણમી રહ્યા છે તેના બદલે મારી પ્રશંસા કે નિંદા કરે છે એમ તને કેમ થાય છે? —તારી એ અજ્ઞાનતા તને સંસારમાં ડૂબાડનારી છે.

નિંદા ને સ્તુતિના વચનો પાસે તો તું જતો નથી ને તારી નિંદા સ્તુતિ કરે છે એમ કેમ તું માને છે? જેમ દેવદત્ત યજ્ઞદત્તને હાથ પકડીને કોઈ કાર્યમાં જોડે તેમ નિંદા—પ્રશંસાના શબ્દો કાંઈ આત્માને જોડતા નથી કે તું મને સાંભળ. રૂપ કાંઈ આત્માને કહેતું નથી કે તું મને જો, ફૂલ કાંઈ કહેતા નથી કે તું મને સૂંઘ. તારા સ્થાનમાં તું છો ને તે ચીજ તેના સ્થાનમાં છે.

મેસૂબ ને રસગુલ્લા તો જડ છે, એ કાંઈ તને કહેતા નથી કે તું મને ચાખ. વળી તેની મિઠાસ કાંઈ આત્માને આવતી નથી પણ તેનું લક્ષ કરીને એ ઠીક છે એમ રાગ કરીને રાગને ચાખે છે ને માને છે કે રસગુલ્લાને ચાખું છું. ચૂરમાનો લાડવો કે કેરીનો રસ તો જડ છે, એ કાંઈ કહેતા નથી કે તું મને ચાખ. અગ્નિ કે સુંવાળા ગાદલા કહેતા નથી કે તું મને સ્પર્શ. પર ચીજ કાંઈ તને કહેતા નથી કે તું મને સ્પર્શ. પર પદાર્થ કાંઈ એમ કહેતા નથી કે તું મને જાણ અને જેમ લોહચુંબક સોયને ખેંચે છે તેમ કાંઈ તું તારા સ્થાનથી ચ્યુત થઈને બાહ્યપદાર્થોને જાણવા જતો નથી. પર પદાર્થ કાંઈ તને કહેતા નથી કે તું મને જાણ અને તું કાંઈ લોહચુંબકથી ખેંચાતી સોયની જેમ તારા

સ્થાનથી ચ્યુત થઈને બાહ્યપદાર્થને જાણવા જતો નથી. આ પુસ્તકને તું જાણવા જતો નથી ને એ પુસ્તકથી કાંઈ જ્ઞાન થતું નથી.

વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહીં હોવાથી તેમ જ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન નહીં કરી શકતો હોવાથી જેમ દીવો નજીકના પદાર્થોને તેમ જ દૂરના પદાર્થને પ્રકાશે છે તેમ આત્મા બાહ્યપદાર્થોની અસમીપતામાં તેમ સમીપતામાં પણ જરાય વિક્રિયા ઉત્પન્ન કર્યા વિના સ્વરૂપથી જ જાણે છે. બાહ્ય પદાર્થ દૂર છે માટે ન જાણી શકાય તેમ નથી. બાહ્ય પદાર્થને પોતે પોતા વડે જાણે છે. બાહ્ય પદાર્થ દૂર હોય કે નજીક હોય તોપણ આત્મા પોતાના સ્વભાવથી જ જાણે છે.

આત્મા જ્ઞાનનો મોટો દરિયો છે. એ જ્ઞાનસ્વભાવ એવો છે કે વીંછી, નાગ કે ભગવાન દૂર હોય તોપણ તેની અપેક્ષા વિના પોતે પોતાના સ્વભાવથી જ જાણે છે અને સર્પનું ઝેર આદિ નજીક હોય તેને પણ તેની અપેક્ષા વિના પોતાના સ્વરૂપથી જ જાણે છે. પરને જાણતાં આત્માને પરપદાર્થ કાંઈ વિક્રિયા ઉત્પન્ન કરાવે એવું છે નહીં. જ્ઞાનથી નજીક વસ્તુ હોય કે દૂર હોય તેને જાણવામાં તે પદાર્થ કાંઈ આત્માને વિક્રિયા ઉત્પન્ન કરાવતું નથી.

આત્મા કરે શું? પરને હલાવે? પરનું કાંઈ કરે? એ તો ચૈતન્યદીવડો છે, તેથી નજીકના કે દૂરના પદાર્થને જાણે. પોતાના સ્વરૂપથી જ પરને જાણે છે. પરને જાણતાં પર પદાર્થ કાંઈ આત્માને રાગ કરાવતું નથી. જો પર પદાર્થને જાણતાં પરપદાર્થ આત્માને રાગાદિ કરાવે તો સર્વજ્ઞદેવ તો લોકાલોકને જાણે છે! પરંતુ પર પદાર્થ આત્માને કાંઈ વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.

પર પદાર્થ ક્ષેત્રથી દૂર હોય કે નજીક, કાળથી પણ દૂર હોય કે નજીક હોય, દીવાના પ્રકાશવાના સ્વભાવની જેમ પ્રભુનો તેને જાણવાનો સ્વભાવ છે. પરનું કોઈનું કાંઈ કરવાનો તેનો સ્વભાવ નથી. પોતાના સ્વરૂપથી જ સમીપ કે અસમીપ પદાર્થને આત્મા જાણે છે. વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાય નહીં ને વસ્તુસ્વભાવ વડે પરને ઉત્પન્ન કરી શકાતો નથી. તેથી પરદ્રવ્ય વડે પોતામાં રાગ ઉત્પન્ન કરી શકાતો નથી.

બાહ્ય પદાર્થ દૂર હોય કે નજીક તેને જાણતા તે પદાર્થ આત્માને વિક્રિયા ઉત્પન્ન કરી શકતા નથી. દીવા પાસે સોનું હોય કે સર્પ હોય દીવો તો તેને પ્રકાશે છે, પ્રકાશવામાં કાંઈ વિક્રિયા કરી શકતા નથી. તેમ કરોડો રૂપિયા હોય કે સર્પ હોય તેને જાણતા તે પદાર્થ કાંઈ આત્માને વિક્રિયા ઉત્પન્ન કરી શકતા નથી. જ્ઞાનનો સ્વભાવ નજીક કે દૂરના પદાર્થને જાણવામાં કાંઈ ફેર કરતો નથી, પરને જાણે છે માટે વિક્રિયા થઈ જાય છે તેમ

નથી. પરને લઈને આત્મામાં બિલકુલ વિક્રિયા થતી નથી. જ્ઞાની સિંહ જંગલમાં બેઠો હોય ને હરણ નીકળે તેને જ્ઞાની સિંહ જાણે, પરંતુ હરણને જાણતાં તે કાંઈ મારવાનો ભાવ ઉત્પન્ન કરાવી શકતો નથી.

દીવો તો પરને પ્રકાશે જ છે, સર્પ આવે કે સાકર આવે, દીવો તો તેને પ્રકાશે જ છે. તેમ આત્મા ગમે ત્યાં હોય પણ તે તો જાણે જ છે. શરીરમાં રોગ હોય કે ન હોય, જ્ઞાન તો જ્ઞાનનું જ–જાણવાનું જ કાર્ય કરે છે. જ્ઞાન કોઈને કાંઈ મદદ કરી શકે કે પરથી કાંઈ મદદ જ્ઞાન લ્યે એમ છે જ નહીં.

શબ્દાદિ જડ પુદ્‌ગલના ગુણો છે, તે કાંઈ આત્માને કહેતા નથી કે તું અમને જાણ, આત્મા પણ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને જાણવા જતો નથી. શબ્દાદિ સમીપ ન હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જાણે છે તેમ શબ્દાદિ સમીપ હોય ત્યારે પણ આત્મા પોતાના સ્વરૂપથી જાણે છે. દૂર હોય કે નજીક હોય, જાણનારો ભગવાન આત્મા તેને જાણે છે. બહારની ચીજમાં ગમે તે ઉથલપાથલ થાય આત્મા તો પોતે પોતાના સ્વરૂપથી જાણે છે. જાણનાર તો જાણે જ છે, શબ્દાદિ કિંચિતમાત્ર પણ આત્માને વિકાર કરાવતા નથી. વિચિત્રપણે પરિણમતાં પદાર્થ આત્માને વિકારપણે પરિણમાવતા નથી. વિચિત્રપણે પરિણમતાં પર પદાર્થ જાણનારને વિકારપણે પરિણમાવી શકતા નથી. ઇન્દ્રિયોના વિષયો નજીક હોય કે દૂર હોય, એ ચીજ વિકાર કરાવતી નથી ને આત્મા વિકાર કરતો નથી, આત્મા તો જાણે છે.

જેમ દીવાને ઘટ–પટાદિ વિકાર કરાવતા નથી તેમ સામી ચીજ ગમે તે હોય, તેને આત્મા જાણે છે, તે કાંઈ આત્માને વિકાર કરાવતા નથી. ચોર આવે, પોતાને બાંધે ને લક્ષ્મી લઈ જાય છતાં આત્મા તેને જાણે છે, તે કાંઈ આત્માને રાગ–દ્વેષ કરાવતા નથી. પર પદાર્થ ક્રમસર પરિણમે છે ને આત્મા પોતાથી જાણે છે, પરના લઈને જાણે છે એમ પણ નથી. સામી ચીજ કોઈ લઈ જતું હોય, કોઈ બગાડતું હોય પણ પ્રભુ તો જાણે છે. આ કેમ લઈ જાય છે આદિ વિકલ્પને અવકાશ નથી. પ્રભુ તો જાણનાર છે. પર પદાર્થ આત્માને વિકાર કરાવતા નથી. પોતાની નબળાઈથી વિકલ્પ આવે પણ પરના લઈને વિકલ્પ ન આવે— આવી વસ્તુની મર્યાદા છે.

પર ચીજ બળતી હોય તેને દીવો પ્રકાશે છે તેમ ભગવાન આત્મા શરીરની ક્રિયાઓને જાણે છે છતાં આત્મામાં તેના લઈને જરીયે ફેરફાર થયો નથી. જ્ઞાનનો સ્વભાવ તો જેમ છે તેમ જાણે છે. પરમાં ફેરફાર થાય માટે આત્મામાં વિકાર થાય એવું પરદ્રવ્યના કોઈ અંશમાં ક્યાંય નથી. આવો વસ્તુસ્વભાવ છે. આ રીતે વસ્તુની મર્યાદા છે તોપણ જીવ શબ્દને સાંભળીને એટલે કે પ્રશંસા ને નિંદા સાંભળીને રાગ ને દ્વેષ કરે છે.

જેમ પર પદાર્થ ગમે તેમ પરિણમે તોપણ દીવો પ્રકાશે છે તેમ પર પદાર્થ ગમે તેમ પરિણમે પણ જીવ જાણે એવો જ તેનો સ્વભાવ છે. આવો વસ્તુસ્વભાવ છે તોપણ જીવ શબ્દોને સાંભળીને, રૂપને દેખીને, ગંધને સૂંઘીને, રસને આસ્વાદીને, સ્પર્શને સ્પર્શીને, અરિહંત પરમાત્માના દ્રવ્ય-ગુણને કે દીકરા કે ચોરના દ્રવ્ય-ગુણને જાણીને, તેમને સારાં-નરસાં માની રાગ-દ્વેષ કરે છે, તે અજ્ઞાન છે. કેમ કે જ્ઞેયના બે ભાગ નથી કે આ સારાં ને આ નરસાં, પોતે કલ્પનાથી જ્ઞેયના બે ભાગ કરે છે તે અજ્ઞાન છે.

આહાહા! એક બાજુ આત્મારામ ને એક બાજુ આખું ગામ-જગત. કેવળીની વાણી સાંભળીને કે ભગવાનને દેખીને તે રાગ ઉત્પન્ન કરાવતા નથી. દીવો જેમ પ્રકાશે છે તેમ ભગવાન આત્મા નજીકવર્તી મુનિજન કે દૂરવર્તી મુનિજનને જાણે છે. જીવ પર પદાર્થને જાણીને તેમને સારાં-નરસાં માનીને રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન છે. કેવળજ્ઞાનીને સાંભળતાં પોતાને પ્રેમ હોવાથી પ્રેમ થાય છે પણ ભગવાનને દેખીને પ્રેમ થયો છે-ભગવાનને લઈને પ્રેમ થયો છે એમ નથી. એક સમયમાં આખી દુનિયા પરિણમે છે ને આત્મા તેને જાણનારો છે પણ જ્ઞેય તેને રાગ-દ્વેષ કરાવે એમ નથી.

સામા પદાર્થના દ્રવ્ય-ગુણને જાણીને તેમને સારાં-નરસાં માનીને રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન છે. પરને દેખતાં પોતાને રાગ-દ્વેષ થાય એવું એનું સ્વરૂપ જ નથી. વસ્તુની મર્યાદામાં કોઈની ઘાલમેલ ચાલતી નથી. આત્માની જાણવાની મર્યાદામાં પર પદાર્થની કાંઈ પણ ઘાલમેલ ચાલતી નથી. સદ્‌ગુણી અનંતા જીવો-સિદ્ધો છે ને અવગુણી અનંતા નિગોદના જીવો છે તેને જાણે પણ તેને જાણતાં તે રાગાદિ કરાવે તેમ નથી.

પ્રભુ! તારો સ્વભાવ જ જાણવાનો છે. તેમાં કરવું આવ્યું ક્યાં? આહાહા! પ્રભુના જ્ઞાનસ્વભાવની મર્યાદા કોઈ અલૌકિક છે. ઋષભદેવ ભગવાન મોક્ષે પધાર્યા તે દેખીને ભરતચક્રીને રાગ આવ્યો, પણ તેના લઈને નથી આવ્યો, પોતાની નબળાઈથી આવ્યો છે. ખરેખર તો જ્ઞાનીને રાગનું ક્ષેત્ર પણ જુદું છે, જ્ઞાની તો રાગથી દૂરવર્તી છે. અહીં તો કહે છે કે પરને જાણનારને તેનાથી કાંઈ ફેરફાર થાય-વિકાર થાય તેમ નથી.

એ રીતે પોતાના સ્વભાવથી જ પરને જાણતાં આત્માને સ્તુતિ કે નિંદાના શબ્દાદિ બાહ્ય પદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરાવતા નથી. મનોહર શબ્દ કે અમનોહર શબ્દને જાણતા તે પદાર્થ કાંઈ આત્માને વિક્રિયા કરાવતા નથી. તલવાર લઈને મારવા આવે તો એ બાહ્ય ક્રિયાને આત્મા જાણે જ છે, બાહ્ય ક્રિયા કાંઈ આત્માને દ્વેષ કરાવી શકતો નથી પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિ વસ્તુસ્વભાવ ઉપર ન હોવાથી, પર ઉપર હોવાથી તેને ભ્રમ થાય છે કે પરના લઈને મને રાગ-દ્વેષ આદિ થાય છે.

આ રીતે આત્મા દીવાની જેમ પર પ્રત્યે સદાય ઉદાસીન છે. જ્ઞાનીએ પર્યાય ઉપર દૃષ્ટિ હતી તે ધ્રુવ ઉપર લગાવી છે તેથી તેને બાહ્ય ચીજ કોઈ વિક્રિયા ઉત્પન્ન કરાવી શકતા નથી. બાહ્ય પદાર્થ સાથે સંબંધ વગરનો તટસ્થ છે. જેમ દીવો સ્વ-પરને પ્રકાશે છે તેમ આત્મા પોતાના સ્વભાવથી જ જાણતો થકો પર પ્રત્યે સદાય ઉદાસીન છે. સમકિતી લડાઈમાં ઉભો હોય છતાં તે દીવાની જેમ જાણે છે કે આ ચીજ તો પર છે.

ભગવાન પ્રત્યે રાગ આવે પણ એ તો પોતાની નબળાઈને લઈને, ભગવાનને દેખ્યા માટે રાગ આવે એવો જ્ઞેયનો સ્વભાવ નથી ને તેને જાણનાર જ્ઞાનનો પણ એવો સ્વભાવ નથી કે તેના લઈને રાગ થાય. પરને દેખીને અહીં કાંઈ રાગાદિ થતા નથી. જાણનાર સ્વભાવી આત્મા જાણે જ છે, જાણે માટે પર પદાર્થને લઈને રાગાદિ થાય એમ નથી. છતાં સામાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને પણ સારાં-નરસાં માનીને જીવ રાગ-દ્વેષ કરે છે તે અજ્ઞાન જ છે.

પ્રભુ કેવો છે?—કે પૂર્ણ, એક, અચ્યુત ને શુદ્ધ છે. ભગવાન આત્મા અપૂર્ણ નથી, પૂર્ણ છે, સ્વતંત્રપણે એક છે, જ્ઞેયોને જાણવા છતાં પોતાના સ્વરૂપથી ચ્યુત ન થાય એવો અચ્યુત છે. પોતાના સ્વભાવથી ચ્યુત થઈને ફરીને અવતાર ધારણ કરે, રાગ કરે એવું એનું સ્વરૂપ જ નથી. તથા શુદ્ધ એવું જ્ઞાન જેનો મહિમા છે એવો આ જ્ઞાયક આત્મા પ્રભુ પોતે છે.

વસ્તુની સ્થિતિ જ આવી છે, વસ્તુની મર્યાદા જ આવી છે. તોપણ જે રાગાદિ થાય છે તે અજ્ઞાન છે.

## * શોક-પ્રસ્તાવ *

સોનગઢમાં શ્રી શાંતિભાઈ ઝવેરીના બંગલે તા. ૧-૧-૮૧ ના રોજ કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા વિશેષ આમંત્રિત વ્યક્તિઓની મિટિંગમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના નિધન પર અધ્યક્ષ તરફથી નીચે મુજબ શોક-પ્રસ્તાવ રજુ થયો જે સર્વસંમતિથી પસાર થયો.

"અધ્યાત્મજગતના દૈદીપ્યમાન સૂર્ય, પરમોપકારી, પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું નિધન મુમુક્ષુ સમાજ પર એક વજ્રાઘાત છે. પૂજ્ય સ્વામીજી શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટના જીવનદાતા હતા, તેઓશ્રીના મંગલ આશીર્વાદથી જ આ ટ્રસ્ટનો જન્મ થયો છે. તેઓશ્રીના મહાપ્રયાણથી પોતાને અનાથરૂપે અનુભવતું આ ટ્રસ્ટ તેઓશ્રી પ્રતિ ભક્તિભાવ પૂર્વક શ્રદ્ધાંજલિ સમર્પિત કરે છે."

# શુદ્ધાત્મ-અવલોકન ॥ णाण अलिंगग्गहणम् ।

[ પ્રવચનસાર ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## * પ્રવચન બારમું *

[ વીર સંવત ૨૫૦૪ માગશર સુદ ૮ રવિવાર તા. ૧૮-૧૨-૭૭ ]

શ્રી પ્રવચનસાર શાસ્ત્રના જ્ઞેયતત્ત્વ અધિકારની ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના ૧૭ બોલ થઈ ગયા. હવે ૧૮, ૧૯, ૨૦ ચાલશે, એકદમ માખણની વાત છે. એકદમ પરમ સત્ય વાત છે.

લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થ જ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે: આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૮.

લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ તે જેને નથી. આત્મ-વસ્તુમાં જે જ્ઞાન, દર્શન આદિ ગુણભેદ છે તે ગુણભેદ વસ્તુમાં નથી. આત્મા ગુણી છે તે સામાન્ય છે ને તેમાં ગુણનો ભેદ તે વિશેષ છે. તે વિશેષ પણ જેમાં નથી તે સમ્યગ્દર્શનનો વિષય છે. પરથી તો આત્માને લાભ ન થાય, શુભરાગથી આત્માને લાભ ન થાય પણ એના ગુણના ભેદથી પણ આત્માને લાભ ન થાય. શુભભાવથી પણ સમ્યગ્દર્શન ન થાય ને ગુણગુણીના ભેદથી પણ સમ્યગ્દર્શન ન થાય કેમકે ગુણી અને ગુણ એવો ભેદ કરવા જશે ત્યાં વિકલ્પ ઉઠશે.

દ્રવ્ય-ગુણ ને પર્યાયના આ છેલ્લા ત્રણ બોલ એકદમ માખણ-સાર છે. એમાં આ ગુણનો બોલ છે. અર્થાવબોધ એટલે જ્ઞાન-એ જ્ઞાનની મુખ્યતાથી ગુણની વાત કરી છે. પદાર્થના જેટલા ગુણો છે એ ગુણોની વિશેષતા સામાન્યમાં નથી. ગુણ અને ગુણી-આત્મા એનો વિશેષ-ભાગ લક્ષમાં લેવા જાય તો સમ્યગ્દર્શન થાય નહિ, તો શુભભાવ કરતાં કરતાં કે દેવ-શાસ્ત્ર-ગુરુનાં નિમિત્તથી થાય એ વાત તો ક્યાં રહી?

સામાન્ય નિત્ય ધ્રુવપ્રવાહ વસ્તુની દૃષ્ટિ છોડીને એનામાં જે ગુણો છે તેનું લક્ષ કરવા જતાં રાગી છે માટે રાગ થશે. ભેદનું જ્ઞાન કરવું એમાં રાગ નથી, ભેદને તો

કેવળી પણ જાણે છે પણ રાગી પ્રાણી છે તેથી ગુણી ને ગુણના ભેદનો વિચાર કરશે તો વિકલ્પ ઉઠશે. શ્રી સમયસારની સાતમી ગાથામાં આવે છે કે રાગી પ્રાણી છે ને રાગ છે ત્યાં સુધી ભેદ ઉપર લક્ષ જશે તો એને રાગ જ થશે, ભલે એ શુભરાગ છે પણ એનાથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી.

અનંત કાળથી જે રહી ગયું છે એ સમ્યગ્દર્શન ક્યારે પ્રાપ્ત થાય? —એ વાત અહીં ચાલે છે. અનંત અનંત ગુણોનું એકરૂપ દ્રવ્ય એમાં ગુણનો ભેદ નથી. આ ગુણીને આ ગુણો એવો ભેદ જેમાં નથી એટલે કે સામાન્ય દ્રવ્યની જ્યાં દૃષ્ટિ કરવા જાય છે ત્યાં આ ગુણી ને આ ગુણ એવો ભેદ રહેતો નથી. જેને ધર્મ પાળવો છે, જેને સમ્યગ્દર્શન કરવું છે તેને કહે છે કે એ સમ્યગ્દર્શન દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તે ન થાય, તેની ભક્તિથી કે મહાવ્રતાદિના કોઈપણ શુભભાવથી પણ ન થાય. અરે! ગુણ ને ગુણીનો ભેદ તેના લક્ષે પણ સમ્યગ્દર્શન ન થાય, ગુણ ને ગુણીના ભેદનું લક્ષ છોડી દે ને એકરૂપ સામાન્યનું લક્ષ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય.

તું જિનસ્વરૂપ જ છો પ્રભુ! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવા માટે ગુણ-ગુણીના ભેદની પણ આવશ્યકતા નથી પ્રભુ! એક સમયમાં જે અનંતા ગુણોને ગળી ગયો છે—પી ગયો છે એમાં જ્ઞાન-દર્શન-શ્રદ્ધા આદિનો ભેદ નથી. અભેદની દૃષ્ટિ કરતાં ત્યાં ભેદ દેખાતો નથી ને જ્યાં ભેદ દેખાય છે ત્યાં અભેદદૃષ્ટિ થતી નથી. સામાન્ય વસ્તુમાં શુભરાગ તો નથી, નિમિત્ત તો નથી પણ વિશેષ-ભેદ પણ નથી, તેથી ગુણી ને ગુણના ભેદમાં જઈશ તો સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા! આ તો ધીરાના કામ છે, ઉતાવળે આંબા ન પાકે!

આ ગુણી છે ને આ જ્ઞાનગુણ છે, આ શાંતિ છે, આ શ્રદ્ધા છે એવા ભેદરૂપી લિંગનું ગ્રહણ જેના સ્વરૂપમાં નથી એવો આત્મા છે. શ્રી સમયસારની સાતમી ગાથામાં આ વાત છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડવા એ જ્ઞાનીને નથી. દૃષ્ટિના વિષયમાં—સામાન્યમાં વિશેષ નથી એટલે વિશેષ એવો જે લિંગ તેનું સામાન્યમાં ગ્રહણ નથી. જેને સમ્યગ્દર્શન, ધર્મની પ્રથમ સીઢી પ્રગટ કરવી હોય તેણે વિશેષ સામાન્યમાં નથી એવી દૃષ્ટિ કરવી, એવી દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ એ તો પર તરફ લક્ષ છે, પર ઉપર લક્ષ છે એટલે રાગ થશે. એની વાત તો અહીં લીધી પણ નથી, એ વાત તો તદ્દન દૂર રહી ગઈ. ભગવાન આત્મામાં ગુણો છે ખરા પણ ગુણી ને ગુણો એવા બે વિચાર કરવા જાય તો તેને સમ્યગ્દર્શન નહિ થાય, શુભરાગ થશે પણ અબંધસ્વરૂપીના આશ્રયે સમ્યગ્દર્શન થવું જોઈએ તે નહિ થાય.

અનંત ગુણનો પિંડ પ્રભુ તેના ગુણના ભેદ તરફનું વિશેષપણે લક્ષ જતાં તેને સમ્યગ્દર્શન નહિ થાય ને વિકલ્પ ઉઠશે ને તેમાં લાભ માનશે તો મિથ્યાત્વ છે. ગુણી–

આત્માનો આ આનંદગુણ છે, જ્ઞાતા આત્મા છે ને જ્ઞાન એનો ગુણ છે એવા ભેદથી તો વિકલ્પ ઉઠશે અને એનાથી મને લાભ થશે એમ માને તો તેને મિથ્યાત્વ થશે. અંતરમાં ગુણો છે પણ ગુણી ને ગુણ એવા ભેદમાં ઊભો છે એ તો રાગમાં ઊભો છે, અભેદમાં નથી ગયો. ભેદના લક્ષે અભેદની દૃષ્ટિ ન થાય, તો પછી શુભ રાગ કરતાં કરતાં ધર્મ થાય એ તો ક્યાંય દૂર રહ્યું.


સામાન્યમાં ગુણભેદ-વિશેષ નથી એમ અહીં કહેવું છે, કેમ કે અનંત ગુણનું એકરૂપ ગુણી તેની દૃષ્ટિ કરવા જાય છે ત્યાં આ ગુણી ને ગુણ એવો ભેદ દૃષ્ટિમાં રહેતો નથી. ગુણી ને ગુણ નામ ને લક્ષણભેદે એમાં ફેર છે પણ વસ્તુ તરીકે અંદરમાં અભેદ જોતાં તે ગુણી ને ગુણ એવા ભેદ એમાં હોતા નથી. પર્યાયને અંતરમાં વાળતાં આ ગુણી ને ગુણ એવું દૃષ્ટિમાં રહેતું નથી.

નિત્ય એકરૂપ સામાન્ય ધ્રુવ અભેદ ત્રિકાળ શુદ્ધરૂપ દ્રવ્યમાં ગુણના ભેદરૂપ લિંગનું ગ્રહણ નહિ હોવાથી તે અલિંગગ્રહણ છે. શક્તિવાન ભગવાન એકરૂપ છે ને એમાં શક્તિઓ અનંત છે. એવા ભગવાન આત્માને ગુણભેદરૂપ લિંગોનું ગ્રહણ નથી. શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં કહ્યું કે ભૂતાર્થ એકરૂપ અભેદ વસ્તુના આશ્રયે સમકિત થાય છે અને અહીં પણ એ કહ્યું છે કે ભેદને છોડીને અભેદની દૃષ્ટિ કરે ત્યારે શુદ્ધોપયોગરૂપ સમ્યગ્દર્શન થાય.

ગુણીના ગુણ એવા વિશેષ જેમાં નથી તે અલિંગગ્રહણ છે. ભૂત ને ભવિષ્યના ભેદ જેમાં નથી એવી ત્રિકાળ વસ્તુ તો છે...છે....ને....છે એવા પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ કરવા માટે ભેદનો આશ્રય કરવા જેવો નથી તો પછી શુભરાગથી નિર્વિકલ્પ સમાધિ થાય એ ક્યાં કહ્યું? અરેરે! બાપુ! ભાઈ, તેં કેટલો કાળ દુઃખમાં ગાળ્યો એ તું ભૂલી ગયો. અહીંના દુઃખ કરતાં અનંતગુણા દુઃખ નરકમાં ભોગવ્યા પણ તું ભૂલી ગયો બાપુ!

ગુણભેદને લિંગ ગણીને એ લિંગનું ગ્રહણ નથી એવો તે અલિંગગ્રહણ છે એમ કહ્યું. પ્રભુ! તેં તારી અભેદ ચીજને કદી માન આપ્યું નથી, બહારની ચીજને માન આપ્યું છે. પણ અહીં તો કહે છે કે ગુણભેદને પણ માન આપીશ તો અભેદ ચીજ હાથ નહિ આવે બાપુ! આહાહા! પૈસાથી મોટો છું કે અમારી સ્ત્રી દીવાનસાહેબની દીકરી છે—એમ અભિમાન કરે પણ તેનાથી શું બાપુ! અહીં તો આત્મા અનંત ગુણવાળો છે એવી ભેદ દૃષ્ટિ પણ કામ નહિ કરે.

—આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગત-નહિ સ્પર્શાયેલો એવો શુદ્ધ દ્રવ્ય છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે. વિશેષ અવસરે કહેશે. (ક્રમશઃ)




[તા. ૫-૧૧-૮૦]

* વસ્તુની સ્વતંત્રતા જગતને બેસવી કઠણ છે. જ્ઞાનાવરણીના છ પ્રકારે કર્મ બંધ થવાના તે તે જ સમયે પરમાણુ પરિણમે છે. કાળ આડો અવળો થાય એમ નથી. અજ્ઞાની તેનો કર્તા થાય છે. જ્ઞાનીને પણ જ્ઞાનાવરણીય છ પ્રકારથી બંધાય તેનો તે જાણનાર રહે છે. યોદ્ધાએ કરેલા યુદ્ધ પરિણામને રાજાએ કર્યા એમ કહેવું તે તે ઉપચાર છે, તેમ જીવે જ્ઞાનાવણીય-કર્મ બાંધ્યા એમ કહેવું તે ઉપચાર છે છતાં એનો કર્તા થાય તે અજ્ઞાની છે. જ્ઞાનની અશાતના આદિનો ભાવ થતાં જ્ઞાનાવરણીપણે થવાવાળા પરમાણુ તે જ સમયે તે જ પ્રકારના પરિણમે એવો જ કોઈ એનો સ્વભાવ છે. આહાહા! પરમાણુ તો જગતમાં ભરેલાં છે પણ તેમાંથી જ્ઞાનાવરણીયપણે પરિણમવાવાળા હોય તે જ પરિણમે એવો જ કોઈ એનો સ્વભાવ છે. પરમાણુમાં કોઈ એવો ગુણ નથી કે વિકાર પણે પરિણમે કે જીવમાં એવો કોઈ ગુણ નથી કે વિકાર થાય, પણ પર્યાયનો જ ષટ્કારકથી સ્વતંત્રપણે પરિણમે એવો જ કોઈ સ્વભાવ છે. વસ્તુની સ્વતંત્રતા એ ચૌદ બ્રહ્માંડનો નિચોડ છે.

પ્રશ્નઃ—જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્‌ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્‌ગલનો માને તે બરાબર છે?

ઉત્તરઃ—જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી પુદ્‌ગલનો છે એમ માને.

પ્રશ્નઃ—રાગ તે પુદ્‌ગલ પરિણામ....પુદ્‌ગલ પરિણમ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

ઉત્તરઃ—એમ હોય નહિ, રાગની રુચિ હોય નહિ, રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્‌ગલ પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વછંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે.

પ્રશ્નઃ—ભગવાનની ભક્તિ આદિનો શુભરાગ જ્ઞાનીને થાય છે તે રાગમાં પુદ્‌ગલ વ્યાપે

છે તેમ કહ્યું છે તે બેસતું નથી!

ઉત્તરઃ–રાગ છે તો જીવના પરિણામ પણ પરના લક્ષે થાય છે, જીવનો સ્વભાવ નથી, ઉપાધિ ભાવ હોવાથી કાઢી નાખવા માટે તેને પુદ્‌ગલકર્મનો કહ્યો છે.

* આત્મા ખરેખર પરને જાણતો નથી તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો એ વાત જ કયાં રહી? પોતે પોતાને જાણે છે એમ કહેવું તે પણ ભેદ હોવાથી વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાયક તે જ્ઞાયક જ છે તે નિશ્ચય છે. જૈનદર્શન ઝીણું બહુ!!

* ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય છે એમ પહેલાં નિર્ણય કરવો જોઈએ, ભલે હજુ પહોંચી શકે નહિ પણ એના સંસ્કાર નાખવા જોઈએ જેથી પર તરફના વલણ-વાળા ભાવને અનુમોદે નહિ.

* પહેલા શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થાય છે, પછી જ ચારિત્ર થાય. છતાં લોકો બાહ્ય ક્રિયા-કાંડમાં ચડી ગયા એટલે એને આકરું લાગે છે. કોઈ આત્માનો અનાદર નથી પણ એ ભાવ એને નુકશાન કર્તા છે. આત્મા સ્વભાવે તો પ્રભુ છે, ક્ષણમાં પલટી જશે, એક ક્ષણની ભૂલ છે ને એક ક્ષણમાં ટાળી શકે છે.

પ્રશ્નઃ–ધારણા જ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે?

ઉત્તરઃ–દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયક-ભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ.

* ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતા ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

* જ્ઞાનની પર્યાય છે તે ધ્રુવને જાણે છે, ધ્રુવ જાણતું નથી.

પ્રશ્નઃ–તો ધ્રુવ આંધળો છે?

ઉત્તરઃ–ધ્રુવ આંધળો નથી પણ મહાપ્રભુ છે. ધ્રુવ જાણવાની અવ્યક્તશક્તિઓનો પિંડ છે. પર્યાય વ્યક્ત છે, પ્રગટ છે, તે ધ્રુવને જાણે છે.

પ્રશ્નઃ–ભેદજ્ઞાનના વિચારમાં મુખ્યતા કાંઈ ખરી?–કે પરથી ભેદજ્ઞાન કરવું કે દ્રવ્ય-પર્યાયથી ભેદજ્ઞાન કરવું કે જ્ઞેયથી ભેદજ્ઞાન કરવું?

ઉત્તરઃ–એ બધું એક જ છે. વિચાર તો બધા આવે, પણ જોર આનીકોર (અંદરનું) હોવું જોઈએ.

[તા. ૧૩–૧૦–૮૦]

પ્રશ્નઃ–સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી ભોગના ભાવથી છૂટીને તુરત નિર્વિકલ્પ થાય છે એ દૃષ્ટાંતથી સ્વચ્છંદતા ન થાય?

ઉત્તરઃ—એ દૃષ્ટાંત સ્વચ્છંદતા માટે નથી પણ વસ્તુસ્થિતિનું જ્ઞાન કરાવવા માટે છે. ચક્રવર્તીને છનું હજાર સ્ત્રીઓ છે અને દરરોજ અનેક સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે એ ચારિત્રમોહની સ્થિતિ બતાવવા માટે છે. ભોગ ભોગવે તોપણ વાંધો નથી એમ સ્વચ્છંદતા પોષવાની વાત નથી પણ દર્શન-શુદ્ધિનું જોર બતાવે છે કે અશુભ રાગ-માંથી તુરત છૂટીને અંદર નિર્વિકલ્પ અનુ-ભવમાં જાય છે તે શ્રદ્ધાનું જોર છે તેમ બતાવવુ છે. ચારિત્રમોહથી શ્રદ્ધાને દોષ આવતો નથી એ બતાવવું છે.

પ્રશ્નઃ—પુણ્યથી મળતાં પૈસાને પાપ કેમ કહ્યું છે?

ઉત્તરઃ—પૈસાને દસ પ્રકારના પરિગ્રહમાં ગણેલ છે તે અપેક્ષાથી પાપ કહ્યું છે પણ ખરે-ખર તો પૈસા તે જ્ઞેય છે તેને મારા માને મમતા કરે તે પાપ છે અને તે પાપમાં પૈસા નિમિત્ત છે તેથી તેને પાપ કહ્યું છે.

પ્રશ્નઃ—અજ્ઞાની જિજ્ઞાસુ જીવ સ્વભાવ ને વિભાવનું ભેદજ્ઞાન કરવા પ્રયત્ન કરે છે પણ સ્વભાવને જોયો નથી તો તેનાથી વિભાવને ભિન્ન કેવી રીતે કરી શકે?

ઉત્તરઃ—જો પહેલાં જિજ્ઞાસુ જીવે સ્વભાવને જોયો હોય તો તેને ભેદજ્ઞાન કરાવાનું ક્યાં રહ્યું? જિજ્ઞાસુ જીવે પહેલાં અનુમાનથી નક્કી કરવાનું છે કે આ પર તરફ વલણનો ભાવ છે તે વિભાવ છે અને અંદર વલણ કરવું તે સ્વભાવ છે. પર તરફ વલણના ભાવમાં આકુળતા ને દુઃખ છે અને અંતર વલણના ભાવમાં શાંતિ છે એમ સ્વભાવને પહેલાં અનુમાનથી નક્કી કરે છે.

* આચાર્યદેવ કહે છે કે અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ અને જિજ્ઞાસુને કહે છે પ્રભુ! તું શ્રોતા તરીકે અમારી પાસે સાંભળવા આવ્યો છો એથી તારી એટલી લાયકાત જોઈને અમે તારી પર્યાયમાં પણ અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ. અનંતા સિદ્ધોને સ્થાપી શકે એવી તારી પર્યાયની યોગ્યતા જોઈએ છીએ. અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ એ શ્રોતાની ટોળી પણ સિદ્ધ-પણાને પામશે. તારી પર્યાયમા અનંતા સિદ્ધોને સ્થાપ્યા એટલે તારું લક્ષ અલ્પજ્ઞ પર્યાય ઉપર નહિ રહી શકે. સર્વજ્ઞને સ્વભાવમાં સ્થાપ્યા છે તેથી અવશ્ય સર્વજ્ઞ થઈશ.

* જેને ભવભ્રમણથી ખરેખર છુટવું છે તેણે પરદ્રવ્યથી પોતાની ભિન્નતાનો નિર્ણય કરીને પોતાના ધ્રુવસ્વભાવનો મહિમા લાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ દુકાળ પડ્યો હોય ત્યારે ગરીબ માણસો મોટા પુરુષના આશ્રયથી જીવન ગાળે છે તેમ અજ્ઞાનથી પર્યાયમાં દુકાળ પડયો છે તે મોટા પુરુષ— જ્ઞાયક ભગવાનના આશ્રય વિના કોના બળે સમ્યક્જ્ઞાનનો સુકાળ પ્રગટ કરશે? ધ્રુવસ્વરૂપ જ્ઞાયક ભગવાન એ મોટા પુરુષ છે તેમના આશ્રયથી પર્યાયમાં સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રનો સુકાળ પ્રગટ

થાય છે. ધ્રુવ સ્વભાવના બળ વિના સાધકપણું કોના બળે પ્રગટ થશે?

પ્રશ્નઃ—જ્ઞાનીને વિભાવ પરદેશ લાગે છે તો ખેદ થાય છે કે જ્ઞાન થાય છે?

ઉત્તરઃ—ખેદ પણ થાય છે અને જ્ઞાન પણ થાય છે.

* છ દ્રવ્ય સ્વરૂપલોક તે જ્ઞેય છે અને વ્યક્ત છે અને આત્મા અવ્યક્ત છે તેથી તેનાથી ભિન્ન છે. અનંતા સિદ્ધો અને પંચ પરમેષ્ઠી તે પણ લોકમાં છે, જ્ઞેય છે, વ્યક્ત છે. ભગવાન આત્મા તો અવ્યક્ત ને ભિન્ન છે. ધર્મદાસ ક્ષુલ્લક તો કહે છે કે આત્મા છ દ્રવ્યથી ભિન્ન હોવાથી સપ્તમ દ્રવ્ય છે. એ સપ્તમ દ્રવ્યસ્વરૂપ આત્મામાં એક અકારણકાર્ય નામની શક્તિ છે તે કોઈનું કારણ નથી ને કાર્ય પણ નથી. એ પરના કાર્યનું પોતે કારણ કે કાર્ય થતો નથી એવો એનો સ્વભાવ છે. એક બોલે પણ ગજબ વાત કરી છે. આહાહા! લોકોને દેહ છોડીને ક્યાં જઈશ એની ક્યાં પડી છે? અહીં તો કહે છે કે સિદ્ધ અને પંચ પરમેષ્ઠી પણ પરજ્ઞેય અને તારાથી ભિન્ન છે.

* ઉપાદાનને અનુકુળ નિમિત્ત છે અને નિમિત્તને અનુરૂપ ઉપાદાન છે પણ એક બીજાને કોઈ કાંઈ કરતું નથી. પ્રશ્નઃ—તો નિમિત્તનું કામ શું છે? ઉત્તરઃ—ઘડો થવામાં કંદોઈ ન હોય પણ કુંભાર હોય એ બતાવવા કહ્યું છે.

* દરેક દ્રવ્યમાં નિત્ય અનિત્ય આદિ પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તેને અનેકાન્ત કહે છે. અનિત્ય પલટે છે તે પર નિમિત્તને લઈને પલટે છે એમ નથી. દરેક દ્રવ્યમાં સામાન્ય ને વિશેષ એ જાતની પરસ્પર વિરૂદ્ધ શક્તિ છે તેનું એક સાથ પ્રગટ થવું તેનું નામ અનેકાંત છે. પરની સાથે કાંઈ સંબંધ નથી.

પ્રશ્નઃ—નિશ્ચયનય અને વ્યવહારનયને વિરોધ છે કે મૈત્રી છે?

ઉત્તરઃ—નિશ્ચયનય અને વ્યવહારનયને છે તો વિરોધ પણ સાથે રહે છે તે અપેક્ષાએ મૈત્રી પણ કહેવાય. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં વિરોધ છે તેમ નિશ્ચય વ્યવહારને વિરોધ નથી, સાથે રહે છે તેથી મૈત્રી કહેવાય.

પ્રશ્નઃ—સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે?

ઉત્તરઃ—સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે છે. પુરુષાર્થ કરે છે અને મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે એટલે કે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એટલે મુક્તિની પર્યાય આવવાની જ છે.

* પર્યાય પર લક્ષમાં છે એ અંશ સંસાર છે. એ પર્યાયને સ્વ લક્ષમાં વાળવી એ ધર્મ છે. આ મૂળ વાત છે તેને સમજાવવા બધું સ્પષ્ટીકરણ છે. સ્વ આશ્રય તે ધર્મ છે અને તેનો આ બધો વિસ્તાર છે.

[તા. ૧૨-૧૦-૮૦]

* એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ

મૂળ સિદ્ધાંતમાંથી કેટલું સિદ્ધ થાય છે? સારા બાર અંગનું સ્પષ્ટીકરણુ નીકળે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી જ થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એટલે પગ જમીન ઉપર પડે છે એ પગ જમીનને અડતો નથી. જો જમીનને અડે તો બે દ્રવ્ય એક થઈ જાય. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. દરેક દ્રવ્ય પોતાના નિશ્ચયમાં જ પ્રાપ્ત છે. આત્મા શરીરને અડતો નથી. કર્મથી આત્મા દુઃખી થાય એ વાત ખોટી છે. કર્મને આત્મા અડતો નથી તો એનાથી દુઃખી કેમ થાય? એ પદાર્થ જુદે જુદા છે તે એક બીજાને કરે શું? પણ આટલી સમજવાની ગરજ કોને પડી છે? દવાના રજકણુ રોગને અડતાં નથી, દાંત રોટલીને અડતાં નથી. પાણી ગરમ થાય તે અગ્નિથી તો નહિ જ પણ એના ધ્રુવ દ્રવ્યથી પણ નહિ, એ પાણીની ઉષ્ણ પર્યાય એના કાળે ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. નરકના સંયોગોનું જીવને દુઃખ નથી, સંયોગ જીવને અડતાં નથી પણ પોતાના દ્વેષથી દુઃખ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો ત્રણ લોકના નાથ તીર્થંકર અને તેમની વાણી પણ તારા ઉત્પાદનું કારણ નહિ—એમ આવ્યું. જગતને પાગલ લાગે તેવું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો બાર અંગના તાળા ખોલી નાખ્યા છે.

## * ભાઈ! તારે એકાદ ભવ જ બાકી છે—એમ વિશ્વાસ કર *

પ્રશ્નઃ—આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે કે કાળલબ્ધિથી થાય છે?

ઉત્તરઃ—આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે. કળશ ટીકામાં યત્ન સાધ્ય નથી, કાળલબ્ધિથી થાય એમ કહ્યું છે એ તો અર્ધપુદ્ગલપરાવર્તન કાળ બાકી રહ્યો હોય ત્યારે જ આત્મપ્રાપ્તિ થાય એવો સિદ્ધાંત છે એ વાત ત્યાં સિદ્ધ કરવી છે. એને વિશ્વાસ આવી જવો જોઈએ કે મારો સ્વકાળ આવી જ ગયો છે સબ અવસર આવી ગયો છે એમ વિશ્વાસ આવી જવો જોઈએ. સંસારમાં તો તેને રુચતી વાત તરત જ કરીશ એમ કહે છે. જે વસ્તુ તેનાથી થઈ શકતી નથી એને તરત જ કરવા કહે છે તો જે વસ્તુ પોતાની જ છે પોતાથી જ થઈ શકે છે એ તરત જ કેમ ન થાય? એને શ્રદ્ધામાં રાખવું કે હું તો તરવાને પંથે જ જઈ રહ્યો છું, મારે એકાદ ભવ છે. જેમાં ભવ નથી એની દૃષ્ટિમાં ભવ હોય જ નહિ.

[ —પૂજ્ય ગુરુદેવ ]

## હે યુગસર્જક પૂજ્ય ધર્મપિતા !

આપ એકાએક ઓચિંતા ક્યાં અને કેમ ચાલ્યા ગયા? અમો મુમુક્ષુ ભક્તો તો એમ માનીએ છીએ કે આપ સ્વાધ્યાય મંદિરમાં આરામમાં છો અને આપની નાદુરસ્તી તબિયતના કારણે અમે ટેપ સાંભળીએ છીએ. આપ માંગલિક સંભળાવી મુંબઈ પધાર્યા તોપણ એમ જ થયું કે વિહારમાં જઈ થોડા દિવસમાં આપ પાછા પધારશો પણ અચાનક દેહનિધનના સમાચારે અમ ભક્તોના કાળજા કંપાવ્યા. જાણે આભ તૂટ્યું. ધરતીકંપ થયો. બે માસ થયા પણ હૃદયમાંથી વિરહ ભૂલાતો નથી અને ભૂલાશે પણ નહીં. ક્યાંથી ભૂલાય? કદી ન ભૂલાય એવા આપ તો ઉપકારી છો. હૃદયમાં આપની સ્થાપના કરી, આપે બતાવેલ માર્ગે આગળ ચાલશું. હા–અત્યારે અમારા સ્વ. પૂ. પિતાશ્રી પણ યાદ આવે છે. આપનો ભેટો કરાવનાર–ઓળખાણ કરાવનાર તે જ હતા. આજે તો પૃથ્વીના ખૂણેખૂણેથી લોકો આપને ઝંખે છે. આપ વિદેશગમન કરી નાઈરોબી પધાર્યા. ત્યાં પણ આપના પ્રભાવથી મંદિરની સ્થાપના થઈ, વિશેષ ધર્મ પ્રભાવના થઇ. અરે! લંડનવાળાને થાય છે કે અમે દર્શન વિહોણા રહી ગયા. સ્વીટઝર્લેન્ડ અને અમેરીકાવાળા કહે છે–અમારા ગુરુ ક્યાં ચાલ્યા ગયા? અરે! સ્વાધ્યાય મંદિરની ઓફિસમાં બેસતાં થાય છે કે શ્રી પરમાગમ મંદિરમાંથી આવતા મીઠાં રણકાર ક્યાં અદ્રશ્ય થયા? લીંબડાના ઝાડ કહે છે કે "અબુધ લોકો અમારુ પાંદડું તોડે તો આપ કહેતાં કે અરે ભાઈ! એ પણ જીવ છે એને દુઃખ થાય છે. અમે આત્મા–જીવ છીએ–તેવું કહેનારા એ ગુરુદેવ દેખાડો." પ્રભુ! સુવર્ણપુરીના કણેકણ આપના દર્શન માટે તલસે છે. બ્ર. બેન દીકરીઓના આપ જીવન સર્વસ્વ જીવનપ્રાણ–જીવનઆધાર હતા. હે ગુરુવર! કેમ ચાલ્યા ગયા? હજુ તો અમે પા પા પગલી આપના ચરણમાં શરૂ કરીએ છીએ.

આપ તો તત્ત્વનો વિરોધ કરનારા પ્રત્યે કહેતા કે કોઈનું કોઈ વિરોધી નથી. એ પણ ભૂલેલો ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે. ક્ષણમાં પલટી જશે અને ભગવાન થશે–કોણ કોનો વિરોધ કરે? આ શબ્દો આજે સમાજમાં આચારમાં સત્ય દેખાય છે. આપે દિગંબર ધર્મના પ્રચાર માટે કમી રાખી નથી. આપે ક્રમબદ્ધપર્યાય, નિમિત્ત–ઉપાદાન, નિશ્ચય–વ્યવહાર, પુણ્ય–પાપ, સ્યાદ્‌વાદ કેટલું સમજાવ્યું? કોઈ પણ સ્થળે જરા પણ મચક આપ્યા વગર સિંહનાદ કરી, સ્વતંત્રતાનો ઢંઢેરો પીટી, સનાતન સત્ય જાહેર કરી, જગત ઉપર અનંત ઉપકાર કર્યો છે. અરે ગુરુવર! શું કહેવું? અમ પામર શું કહી શકીએ?

આજે તો આપના પ્રવચનની ટેપ તે જ અમારું જીવન છે અને પૂજ્ય ભગવતીમાતા અમારો જીવન આધાર છે. આ રીતે જ અમારા જીવન ઘડતરનું કાર્ય આગળ ધપશે અને આપે બતાવેલ માર્ગ પર ચાલી શુદ્ધાત્માનું અમૃતપાન કરી આપના સમવસરણજીમાં અમે આવશું.

આપનો ધર્મ પરિવાર—

કાન્તિલાલ ભાયાણી (–મેનેજર)

તથા બ્ર. નિર્મળાબેન ભાયાણી–સોનગઢ

## સુવર્ણપુરી સમાચાર:—

* સોનગઢમાં રોજ નિયમિત રીતે સવારે જિનેન્દ્ર દર્શન-પૂજન, ત્યાર બાદ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન, બપોરે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈનું વાંચન, જિનેન્દ્ર-ભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર-મહિમાની ગુરુભક્તિ અને ત્યાર બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના ચૌદ વર્ષ પહેલાંના શ્રી યોગસાર, શ્રી છ–ઢાળા ઇત્યાદિ ઉપરના પ્રવચનોનું રેકોર્ડિંગ વગાડવામાં આવે છે. તદુપરાંત અવાર–નવાર પૂજ્ય ગુરુદેવશ્રીની સંઘ સહિતની યાત્રાઓ, માનસ્તંભની પ્રતિષ્ઠા આદિની વર્ષો પહેલાના પ્રસંગોની ફિલ્મો પણ બતાવવામાં આવે છે. રોજ ટેપ-રેકોર્ડિંગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સાંભળતાં તથા ફિલ્મ દ્વારા ઉત્સાહભરી યાત્રા આદિના પૂજ્ય ગુરુદેવશ્રીના જીવંત દશ્યો દેખતાં જાણે પૂજ્ય ગુરુદેવશ્રીના સાક્ષાત્ દર્શન થઈ રહ્યાં હોય તેવું લાગે છે.

* મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા તા. ૧–૨–૮૧થી શ્રી જૈન વિદ્યાર્થીગૃહ–બોર્ડિંગમાં રાખવામાં આવી છે.

* પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પાવન સ્મૃતિમાં સોનગઢમાં તા. ૨૫–૧૨–૮૦ થી તા. ૧–૧–૮૧ સુધી શ્રી સિદ્ધચક્ર-મંડલ-વિધાન-પૂજા રાખવામાં આવી હતી જેમાં લગભગ અઢી હજાર મુમુક્ષુગણે ઉત્સાહથી લાભ લીધો હતો. સવારે પૂજા પછી શ્રી સમયસાર ગાથા ૯/૧૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ વગાડવામાં આવતું હતું. બપોરે તથા રાત્રે બ્ર. ચંદુભાઈ, ડૉ હુકમચંદજી તથા પં. જ્ઞાનચંદજીના પ્રવચનો થતા હતા. તદુપરાંત છેલ્લા દિવસોમાં શ્રી લાલચંદભાઈ તથા શ્રી યુગલજીના પ્રવચનો થતા હતા. તા. ૨૮–૧૨–૮૦ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રથમ માસિક પુણ્ય-તિથિ નિમિત્તે તથા અંતિમ દિવસે રથયાત્રા કાઢવામાં આવી હતી.

* પૂજ્ય શ્રી કાનજી સ્વામી વિશ્રાંતિગૃહનું ઉદ્‌ઘાટન તા. ૨૮–૧૨–૮૦ ના રોજ નાઈરોબી નિવાસી શ્રી લક્ષ્મીચંદભાઈ, શ્રી રાયચંદભાઈ તથા શ્રી અજીતભાઈના સુહસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે વિશ્રાંતિગૃહમાં પં. શ્રી યુગલજીનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. શ્રી શાંતિભાઈ ઝોબાળીયાએ અથાગ પરિશ્રમ પૂર્વક વિશ્રાંતિગૃહના બાંધકામની દેખરેખ રાખી હોવાથી વિશ્રાંતિ ગૃહના ટ્રસ્ટીઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## વિવિધ સમાચાર:—

### ઇંદૌર શહેરમાં ૪૦ વર્ષ બાદ ઉજવાયેલો
### શ્રી દિ. જૈન પંચમેરુ નંદીશ્વરદ્વીપ જિનબિંબ પંચકલ્યાણક
### પ્રતિષ્ઠા–મહોત્સવ

શ્રી દિ. જૈન ઉદાસીન શ્રાવિકાશ્રમ ઇંદૌરમાં, શ્રી ચંદાબાઈ શેઠી, બ્ર. માનૂબાઈ તથા બ્ર. પરશુરામજી આદિના પ્રયાસથી તા. ૧૮–૧–૮૧ થી તા. ૨૫–૧–૮૧ સુધી ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ ઉજવાયો હતો. જેનો સ્થાનિક તથા આજુબાજુના ગામોથી આવેલા લગભગ ત્રીસેક હજાર મુમુક્ષુઓએ લાભ લીધો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિને અવારનવાર સભામાં યાદ કરતાં પ્રવચનકારોએ કહ્યું હતું કે અધ્યાત્મનો આ પ્રચાર તથા અધ્યાત્મ પ્રત્યે લોકોની જિજ્ઞાસા ને રુચિ ઇત્યાદિ બધું જે જોવામાં આવે છે તે સોનગઢના સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામીના જ પુનિત-પ્રતાપને આભારી છે. શ્રી દેવેન્દ્રકુમાર શેઠીએ કહ્યું કે આ પંચકલ્યાણક–પ્રતિષ્ઠાની સફળતા અને ૩૦–૩૦ હજારથી વધુ મુમુક્ષુઓએ હોંશેહોંશે લીધેલો લાભ એ બધું પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના અપાર ઉપકારને આભારી છે. ૪૦ વર્ષ બાદ ઇંદૌરમાં ઉજવાયેલા આ મહોત્સવમાં લગભગ ૩૦૦ જિનબિંબોની પ્રતિષ્ઠા વિધિનાયક ભગવાન શ્રી આદિનાથ સ્વામીના પંચકલ્યાણક દ્વારા કરવામાં આવી હતી. પ્રતિષ્ઠા–વિધિનું કાર્ય પં. ધન્નાલાલજી, ગ્વાલિયર તથા તેમના સહયોગીઓએ ઉત્સાહથી કરાવ્યું હતું. સવારે સાતથી રાત્રે ૧૧–૧૨ વાગ્યા સુધી ચાલતા વિવિધ કાર્યક્રમો— પંચકલ્યાણકના પ્રસંગો ઉપરાંત સવાર-બપોર-સાંજ વિદ્વાન પં. શ્રી બાબુભાઈ મહેતા, ડૉ. હુકમચંદજી ભારિલ્લ, પં. જ્ઞાનચંદજી, પં. કેસરીચંદજી 'ધવલ' તથા પં. શ્રી નાથૂલાલજી શાસ્ત્રીના પ્રવચનો, ઘાટકોપરની ભજન-મંડળી તેમ જ સ્થાનિક યુવા-મંડળોની વિવિધ નૃત્ય–નાટિકાઓ, ૨૨ વર્ષ પહેલાંની પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ગોમટેશ્વર ભગવાન બાહુબલીજીના અભિષેકની ફિલ્મ તથા શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર સોનગઢની પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવની ફિલ્મ ઇત્યાદિ વિવિધ કાર્યક્રમોમાં ૨૫–૩૦ હજાર મુમુક્ષુઓએ ઉલ્લાસથી લાભ લઈને આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ સાનંદ ઉજવ્યો હતો.

### * ભગવાન બાહુબલીનો મહામસ્તકાભિષેક *

ગોમ્મટેશ્વર ભગવાન બાહુબલીના મહામસ્તકાભિષેકની તૈયારી વ્યાપક રીતે ચાલી રહી છે. સમાજના વરિષ્ઠ નેતા તથા શાસકીય અધિકારી આ આયોજનને સફળ બનાવવા માટે દિન–રાત પરિશ્રમ કરી રહ્યા છે. ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ વર્ષ ઉપરાંત આ પ્રથમ અવસર છે કે આટલા વિશાળ પાયા પર કાર્યક્રમ થઈ રહ્યો છે.

આ શુભ–અવસર પર શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ દ્વારા સત્ સાહિત્ય વેચાણ તથા પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી દ્વારા થયેલા તત્ત્વ-પ્રચાર તથા અનેક પ્રસંગોને છાયાચિત્રો દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સમાજની અનેક ગણમાન્ય વ્યક્તિઓ ઉપરાંત શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટના અધ્યક્ષ પં. શ્રી બાબુભાઈ મહેતા, ટ્રસ્ટીઓ શ્રી નેમચંદજી પાટણી અને શ્રી રતનલાલજી ગંગવાલ તથા ડૉ. હુકમચંદજી ભારિલ્લ આદિ શ્રીમાન, વિદ્વાન તથા કાર્યકર્તાગણ શ્રવણબેલગોલા પહોંચી રહ્યાં છે.

ભગવાન બાહુબલી સહસ્રાબ્દિ સમારોહના અવસર ઉપર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી-સ્વામીની સ્મૃતિમાં શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ તરફથી તા. ૧૯–૨–૮૧ થી ૧૯–૩–૮૧ સુધી જ્ઞાન પ્રચાર અર્થે લાગત ખર્ચ કરતાં ઓછી કિંમતે સાહિત્ય-વેચાણ કરવામાં આવશે. તેમ જ પાંચે ભાષામાં પ્રકાશિત થતાં આત્મધર્મના આજીવનની સભ્ય ફી રૂા. ૧૦૧/= ને બદલે રૂા. ૭૬/– કરવામાં આવી છે.

## * શિલાન્યાસ–સમારોહ *

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સદુપદેશથી પ્રભાવિત થઈને પ્રતાપગઢ (રાજ.) ના દિગંબર મુમુક્ષુ મંડળ દ્વારા ભગવાન શ્રી સીમંધરસ્વામી જિનમંદિર અને સ્વાધ્યાય ભવનના નિર્માણ માટે તા. ૧૦–૧૨–૮૦ના રોજ પં. શ્રી હિંમતભાઈ જોબાળિયા સોનગઢની અધ્યક્ષતામાં શિલાન્યાસ–સમારોહ રાખવામાં આવ્યો હતો. શિલાન્યાસની વિધિ નાઈરોબી દિગંબર મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવી હતી.

## * દાદર જિનમંદિરમાં સિદ્ધચક્ર વિધાન પૂજા *

તા. ૨૫–૧૨–૮૦ થી તા. ૧–૧–૮૧ સુધી દાદરના જિન મંદિરમાં શ્રી સિદ્ધચક્ર-મંડલ–વિધાન–પૂજા રાખવામાં આવી હતી. પ્રતાપગઢવાળા શ્રી શાંતિલાલજી જૈને પૂજા કરાવી હતી તથા પૂજાના ભાવો ઉપર પં. શ્રી નેમચંદભાઈ વેણીચંદભાઈના પ્રવચનો થયા હતા. ગુજરાતી ઉપરાંત હિન્દી અને મરાઠી ભાઈ–બહેનોએ ખૂબ ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## * સોનગઢમાં પં. શ્રી લાલચંદભાઈના પ્રવચનો *

ફાગણ સુદ ૮ થી ૧૫ સુધી અષ્ટાહ્નિકા પર્વ પ્રસંગે આધ્યાત્મિક પ્રવક્તા પં. શ્રી લાલચંદભાઈ મોદીના તા. ૧૨–૩–૮૧ થી તા. ૨૧–૩–૮૧ સુધી દસ દિવસ માટે પ્રવચનો રાખવામાં આવેલ છે.

## * શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર ઇસ વર્ષ ફિરોજાબાદ મેં *

પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ જયપુર દ્વારા સંચાલિત શિક્ષણ–પ્રશિક્ષણ શિબિર ઇસ વર્ષ ફિરોજાબાદ (ઉ. પ્ર.) મેં હોના નિશ્ચિત હુઆ હૈ. યહ વીસ દિવસીય શિબિર મઈ કે તૃતીય સપ્તાહ મેં આરંભ હોગા. યદ્યપિ ઇસકી માંગ બહુત દિનોંસે ચલ રહી થી, તથાપિ ઇસ વર્ષ ડૉ. હુકમચંદજી ભારિલ્લ કે પર્યૂષણ પર્વ મેં ફિરોજાબાદ પધારને સે ઇસ કાર્ય કો ગતિ મિલી તદર્થ શિક્ષણ–પ્રશિક્ષણ સમિતિ, ફિરોજાબાદ કી ઓર સે સર્વશ્રી કસ્તૂરચંદજી, કપૂરચંદજી, સૂરનભાનજી આદિકા એક ડેપુટેશન જયપુર આયા ઔર વિધિવત ઇસકા નિર્ણય હો ગયા કિ પન્દ્રહવાં શિક્ષણ–પ્રશિણ શિબિર ફિરોજાબાદ મેં હોગા.

વિશેષ પ્રસન્નતા કી બાત હૈ કિ ઇસ શિબિર મેં આધ્યાત્મ જગત કે પ્રસિદ્ધ પ્રવચનકાર વિદ્વદ્વર્ય પં. લાલચંદભાઈ રાજકોટ, પં. બાબુભાઈ મહેતા ફતેપુર, યુગલ કિશોરજી 'યુગલ' કોટા ભી પધારેંગે. ડૉ. હુકમચંદજી ભારિલ્લ તો ઇસમેં આતે હી હૈં. ઇનકે અતિરિક્ત પં. જ્ઞાનચંદજી વિદિશા, પં. નેમીચંદજી પાટની આગરા, પં. રતનચંદજી ભારિલ્લ જયપુર, પં. કેશરીચંદજી 'ધવલ' કોથલી આદિ વિદ્વદ્ગણ એવં અનેક શ્રેષ્ઠીગણ ભી પધારેંગે.

પધારને વાલે મહાનુભાવો કો જૈનનગર સ્થિત વિશાલ બાહુબલી ભગવાન, મહાવીર ભગવાન તથા સ્ફટિકમણિ કી ચન્દ્રપ્રભ ભગવાન કી પ્રતિમાઓં કે દર્શનો કા લાભ ભી પ્રાપ્ત હોગા.

—હેમચન્દ્ર જૈન 'ચેતન'

---

[ એ તો મહિમાવંત....પાનું ૩૫ થી ચાલુ ]

આહાહાનાં!!! ઉદ્ગાર ગુરુના અખંડ, દેખાડે દ્રવ્ય મહિમાનો દિદાર,
સમજાણુંકાંય? સુવાકયમાં સમાણો; દેવ–સમ્યગ્દર્શનનો સઘળો સાર.

અનાજ ને ઓહંમ સોહંમમાં અટવાઈ, કુગુરુ કુદેવ કુશાસ્ત્રમાં રહ્યાતાં કુટાય.
કેવળીપંથ ચિંધતા કહાન કલ્યાણરૂપ, દેવ કે નિજદ્રવ્ય એકલું દેખાય.

સ્વસ્તિક અનંત ચતુષ્ટય સ્થાપન, જન્માભિષેક કહાન તણા જણાય;
તેથી મંગળ સ્વસ્તિક દેવકે મંદિરનું; બિંબ ગુરુનું બગદાણા બનાવાય.

આશા અમારી આ અમર બનો; એવા માગીએ આશીર્વાદ;
સત્યદેવ પ્રતિક સ્વસ્તિક સ્થાપનથી; પરમાગમ સ્વાધ્યાય મળે ગુરુ પ્રસાદ.

—સત્યદેવ જૈન, બગદાણા

# શ્રદ્ધાંજલિ—

જિસને જીવનભર પૂજ્ય ગુરુદેવકા વિરોધ કિયા—એસા જૈનગજટ (૯–૧૨–૧૯૮૦) પત્ર ભી પૂજ્ય ગુરુદેવકા નિધન પર અપને સમ્પાદકીય મેં લિખતા હૈઃ–

"ઉન્હોંને અપને જીવનમેં કરીબ ૬૫ પંચકલ્યાણક પ્રતિષ્ઠા વ ૩૫ વેદી–પ્રતિષ્ઠાયેં કરવાઈ ઔર શ્વેતાંબર બંધુઓં કો દિગમ્બરી બનાયા. સમયસાર વ મોક્ષમાર્ગપ્રકાશક જૈસે ગ્રંથોંકે પઠન–પાઠન કી લહર સમાજમેં દૌડાઈ તથા સ્વાધ્યાય કે પ્રચાર કા બિગુલ બજા દિયા. વિરોધ હોતા રહા લેકિન વિરોધકો સહતે હુએ દિગમ્બર ધર્મકે પ્રચાર યા પ્રસારમેં કિસી ભી પ્રકારકી કસર ઉઠા નહીં રખી.

આબાલ–વૃદ્ધોમેં દિગમ્બર ધર્મકા પ્રચાર કિયા ઔર રાત્રિભોજન, જમીકન્દ આદિ કા ત્યાગ ઉનકે પ્રભાવસે સ્વતઃ ઉનકે અનુયાયી કરતે ગયે.

દેશમેં સોનગઢ એક પ્રકારકા પ્રસિદ્ધ સ્થાન બન ગયા જહાંસે ઉન્હોંને જિનવાણીકા તન–મનસે જીવનપર્યન્ત સાધના કરને કે સાથ હી સાથ દેશમેં યત્ર-તત્ર-સર્વત્ર પ્રચાર કિયા. શિક્ષણ–શિબિરકે દ્વારા એક નઈ દિશા દેકર ધર્મપ્રચાર કી એક અદ્ભૂત યોજના સમાજકો દી.

પ્રાયઃ યહ દેખા ગયા હૈ કિ સંપ્રાદય બદલને વાલે અન્ત મેં પથભ્રષ્ટ ભી હોતે રહે હૈં લેકિન સ્વામીજી સદા લોહપુરુષ બનકર રહે.

સ્વામીજી કે ઉઠ જાને સે વાસ્તવ મેં એક મહાન પ્રતિભાસંપન્ન વ પુણ્યાત્મા આધ્યાત્મિક વક્તા કા સદાકે લિયે અભાવ હો ગયા હૈ.

ગજટ પરિવાર ભી ઉનકે દેહાવસન પર અપની ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હુઆ વીર પ્રભુસે પ્રાર્થના કરતા હૈ કિ સ્વામીજી કો પૂર્ણ રત્નત્રય કી પ્રાપ્તિ હોકર શીઘ્ર મુક્તિ લાભ હો."

જીનીવા–સ્વીટ્ઝર્લેન્ડઃ—

અચાનક પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ગવાસના સમાચાર સાંભળતાં હૃદય ઉપર વજ્રાઘાત થયો. મગજ દિશાશૂન્ય બની ગયું. પૂજ્ય ગુરુદેવ વગરનું સોનગઢ કેવું લાગતું હશે તેના વિચારો આવે છે અને ધ્રુજી ઉઠાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ કરુણાથી અમારામાં નાનપણથી જ તત્ત્વના સંસ્કારો રેડયા હતા. અહીં દૂર બેઠા પણ રોજ પૂજ્ય ગુરુદેવશ્રીની સાક્ષાત વાણીનો બે–ત્રણ કલાક શ્રવણનો લાભ ટેપ દ્વારા મળી રહ્યો છે. અમોને તો હંમેશા પૂજ્ય ગુરુદેવ પાછલા પહોરે–સવારમાં વહેલાં સ્વપ્નમાં દેખાય છે, કાળ કર્યા હોય તેવું અમોને લાગતું નથી કેમકે કાંઈ ને કાંઈ શીખામણ અને પ્રોત્સાહન આપતાં હોય તેવું જ સ્વપ્નમાં દેખાય છે. હવે તો ફક્ત કેસેટ–ટેપ સાંભળીને જ મન મનાવવું રહ્યું. તેઓશ્રીએ બતાવેલાં માર્ગે આગળ વધીને તેઓશ્રીના સમવસરણમાં સાક્ષાત દિવ્યધ્વનિ સાંભળીને તેઓશ્રીની સાથે મુક્તિપુરીનું પ્રયાણ કરીએ એ જ ભાવના.

—ન્યાલચંદ મલુકચંદ શાહ અને પરિવાર

## સમયસાર કે અપૂર્વ સંગીત

શ્રદ્ધેય પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી કે દેહાંત સે ભારત કે સમ્પૂર્ણ રોમ-રોમ મેં વિરહકા દર્દ હૈ. આપ જૈન જગત મેં સમયસાર કે અપૂર્વ સંગીત થે. અનેકાંતમાત્ર વસ્તુ કે અનુભવી ને સ્યાદ્વાદરૂપી વાણી સે નિડર હોકર જો તત્ત્વકા નિરૂપણ કિયા, ઉસકી ધ્વનિ આજ ભી ભારતવર્ષ કે કણ-કણ મેં ગૂંજ રહી હૈ.

હે ગુરુદેવ! આપને જો માર્ગ બતાયા હૈ, ઉસકી મૈં જીવન ભર સુરક્ષા કરતા રહૂંગા–ઐસી દૃઢ પ્રતિજ્ઞાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં. –પં૦ કેશરીચન્દ 'ધવલ', કોથલી (મહા૦)

---

## વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ

ભારવિ કવિકી ઉક્ત ઉક્તિ લોકોત્તર પુરુષોંકી વિવેચનામેં કહી ગઈ હૈ. શ્રી કાનજી સ્વામી ઐસે હી લોકોત્તર પુરુષ થે. ઉન્હોંને અપની કુલ-પરમ્પરાગત ધર્મ-પદ્ધતિકા સંશોધન કર જિસ અપરિગ્રહી જિનધર્મકો સ્વીકાર કિયા ઉસ પર આજીવન વજ્રકી તરહ અટલ રહે. દુનિયાકી કોઈ શક્તિ ઉન્હેં વિચલિત નહીં કર સકી. દિગમ્બર ધર્મકો સ્વીકાર કરનેકે પૂર્વકી ઉનકી જીવકી જીવની જો કુછ રહી હો વહ મેરે સામને નહીં હૈ. દિ૦ જૈન ધર્મ સ્વીકાર કરનેકે બાદ સં૦ ૨૦૦૨ મેં વિદ્વત્પરિષદ્કે સોનગઢ અધિવેશનકે અવસર પર હી મુઝે ઉનકા પ્રથમ સમ્પર્ક આયા, તભીસે દિગમ્બર જૈન પત્ર-પત્રિકાઓંમેં ઉનકી ખ્યાતિ હુઈ.

સ્વામીજી લોકોત્તર પુરુષ થે. તીર્થંકરોં તથા મહતીય પૂજ્ય આચાર્યોંકો છોડકર જૈન સમાજમેં ઇસ પ્રકારકી ક્રાંતિ કરને વાલા દૂસરા કોઈ પુરુષ ન હુઆ હૈ, ન હૈ, ન હોગા.

વિરોધિયોંને જૈનાચાર્યોંકા ઉપયોગ સોનગઢકે બહિષ્કારમેં કિયા ઔર પૂજ્ય શ્રી ૧૦૮ આચાર્ય ધર્મસાગરજીકે નામસે (શાયદ ઉનકે દ્વારા નહીં) ઉનકો દિગમ્બર જૈન ન માનનેકી ઘોષણા કી. યહ સમાચાર જબ સ્વામીજીકે પાસ ગયા તો સર્વપ્રથમ વે મુસ્કરાયે, ઇસકે દસ મિનિટ બાદ હી ભરી સભામેં ઉન્હોંને સિંહનાદ કિયા કિ:—

"સંસારકી કોઈ શક્તિ હમેં દિગમ્બર ધર્મસે બાહર નહીં કર સકતી. હમ દિગમ્બર જૈન હૈં! દિગમ્બર જૈન હૈં!! દિગમ્બર જૈન હૈં!!! હજાર બાર દિગમ્બર જૈન હૈં. કિસીકે કહને માત્રસે ક્યા હમ દિગમ્બર જૈન ન રહેંગે?"

બહિષ્કારકા યહ કાર્ય દિગમ્બર જૈન ઇતિહાસકે લિએ કલંક હૈ. જૈન ઇતિહાસમેં, જૈન ઝંડેકે નીચે લોગોંકા આહ્વાન તો કિયા હૈ, પર બહિષ્કાર નહીં. ઇસ ઘટનાકી બાત જબ પૂજ્ય આચર્ય શ્રી ૧૦૮ વિદ્યાસાગરજીકો જ્ઞાત હુઈ તો ઉન્હોંને તત્કાલ કહા કિ "કુછ તો વાત્સલ્ય રખના થા." દો મિનિટ મૌન રહનેકે બાદ બોલે–"જૈનોંકે સાથ અબ તક જૈનધર્મકા ઝંડા થા. અબ ઝંડા છિન ગયા, 'ડંડા' હી રહ ગયા માલૂમ હોતા હૈ."

યે થે ઉનકે શબ્દ. બહિષ્કારકી કૃતિસે જો ઉનકો અન્તઃપીડા હુઈ, ઉસકા દ્યોતન ઉનકે શબ્દ કર રહે થે.

સ્વામીજી અન્ત તક અપની શ્રદ્ધા પર વજ્રકી તરહ અડિગ રહે ઔર ફૂલકી તરહ નરમ ભી અપને વ્યવહારમેં રહે. કવિ ભારવિકે શબ્દોંમેં કહના ચાહિયે કિઃ—

વજ્રાદપિ કઠોરાણિ મૃદૂનિ કુસુમાદપિ ।
લોકોત્તરાણિ ચેતાંસિકો હિ વિજ્ઞાતુમર્હતિ ॥

વજ્રસે ભી કઠોર ઔર ફૂલસે ભી મૃદુ લોકોત્તર પુરુષોંકે ચિતકો કૌન જાન સકતા હૈ?

—પં૦ જગન્મોહનલાલ સિદ્ધાન્તશાસ્ત્રી, કટની (મ૦ પ્ર૦)

---

## ધર્મ તો માત્ર કાનજીસ્વામી કે પાસ હૈ

પ્રારંભ મેં પૂજ્યશ્રી કાનજીસ્વામી કે પ્રતિ મુઝે પૂર્વાગ્રહ હોને સે બડા ભારી વિરોધ થા. શ્વેતાંબર સ્થાનકવાસી સમાજ મેં હોને કે કારણ મૈંને ઉનકે વિરુદ્ધ બહુત હલ્કી બાતેં સુની થીં ઔર ઉન બાતોંકો સહી માનકર મૈં ઉનકી બહુત અવજ્ઞા ઔર વિરાધના કરતા રહા.

એક દિન સ્વામીજી કે પ્રતિ મેરા યહ અજ્ઞાન ઔર મિથ્યા વિરોધ દેખકર મેરે એક મિત્રને બહુત કરુણાભાવસે કહા કિ "એક વકીલ હોતે હુયે મહારાજ સા૦ (શ્રી કાનજીસ્વામી) કી બાત સુને બિના, વિચારે બિના, દૂસરોં કી બાત પર અંધવિશ્વાસ કૈસે કર બૈઠે?

યહ સચ થા કિ મૈંને સ્વામીજી કો પહલે કભી સુના નહીં થા, વે ક્યા કહતે હૈં—ઇસ પર કભી ગંભીરતાસે વિચાર નહીં કિયા નહીં થા. અતઃ મૈંને મિત્રકી સલાહ માન કર સ્વામીજી કી બાતકો સુનને, સમઝને ઔર ઉસ પર ગંભીરતા સે વિચાર કરનેકા નિશ્ચય કર લિયા.

મહારાજ સાહેબ (સ્વામીજી) કે પહલે મૈંને પાંચ-છઃ પ્રવચન સુને, પર મૈં ઉનકી બાત કુછ ન સમઝ પાયા. ઔર બાત ન સમઝ પાને સે ઔરોંકી તરહ ઉપેક્ષા કર મૈં અપને પુરાને અભિપ્રાયકો કાયમ રખ સકતા થા, પરંતુ વકીલ હોને કે કારણ મૈંને ઐસા નહીં કિયા તથા મહારાજશ્રીકી બાતકો પૂર્ણ સમઝને કા દૃઢ નિશ્ચય કિયા ઔર ઇસકે લિએ મૈંને તીન સાલ સતત્ પ્રયત્ન ચાલૂ રખકર સ્વામીજી કે પ્રવચન સુને ઔર અભ્યાસ કિયા.

ફલસ્વરૂપ મૈં સહી વસ્તુસ્થિતિ સે પરિચિત હુઆ. તબ મુઝે અપને પિછલે વ્યવહાર ઔર બર્તાવ પર બહુત પશ્ચાત્તાપ હુઆ, અપને આપકો ધિક્કારા, ભારી આત્મગ્લાનિ હુઈ, અપને પૂર્વ વિચારોં સે શર્મિંદા હુઆ—ઔર મૈંને મન કઈબાર મહારાજશ્રી કે પ્રતિ અન્તઃકરણ સે માફી માંગી. મહારાજશ્રીકે પ્રતિ અત્યંત આદર વ પૂજ્યભાવ હુઆ.

મુઝ મેં ઇતના પરિવર્તન દેખકર કઈ લોગોંકો આશ્ચર્ય હુઆ. મૈં જગહ-જગહ કહને લગા થા કિ સારે ભારત મેં કહીં ધર્મ હૈ તો માત્ર શ્રી કાનજી સ્વામી કે પાસ હૈ.

—દિનેશ જે૦ મોદી, એડવોકેટ, સુપ્રીમકોર્ટ બમ્બઈ

# વૈરાગ્ય સમાચાર:—

* સાબલી નિવાસી શાહ નાથાલાલ મુલચંદ ( વર્ષ–૬૬ ) તા. ૪–૧૧–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* માળીયા–હાટીના નિવાસી નગીનદાસ મોતીચંદ આસો વદી ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગર નિવાસી ગંગાબેન ત્રિભોવનદાસ બાવીશી તા. ૧૬–૧૧–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* હિંમતનગર નિવાસી મહેતા ચંદનબેન કેશવલાલ તા. ૨૨–૧૧–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અંતયેષ્ટીમાં સોનગઢ આવી રહેલા જેતપુર નિવાસી ( હાલ મુંબઈ) ભાનુબેન જયંતિલાલ કામદાર ( વર્ષ–૬૨ ) ( પૂ. શાંતાબેનના દેરાણી ) અને ચિ. પ્રકાશકુમાર જયંતિલાલ કામદાર ( વર્ષ–૨૩ ) નવસારી વેસ્મા પાસે મોટર અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના માર્ગે ગમન કરીને નિજ આત્માનંદને ઓળખી ધર્મના રસ્તે આગળ વધે એ જ પ્રાર્થના.

* જેતપુર નિવાસી જટાશંકર માણેકચંદ કામદારના ધર્મપત્નિ રામકુંવરબેન ( વર્ષ–૮૦ ) તા. ૩–૧૨–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પોરબંદર નિવાસી ઝીણીબેન હરજીવનદાસ ( વર્ષ–૮૫ ) તા. ૧૨–૧૨–૮૦ ના મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અનેક વર્ષો સુધી પૂ. ગુરુદેવશ્રીના સમાગમમાં સોનગઢ રહ્યા. હતા.

* સોનગઢ નિવાસી દેવશીભાઈ કોઠારી ( વર્ષ–૯૦ ) તા. ૫–૧૧–૮૦ના સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડી નિવાસી ચંપાબેન રતીલાલ શાહ તા. ૨૨–૧૨–૮૦ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી રાધાબેન રામજી મહેતા ( મગનલાલ સુંદરજી મહેતાના ભાભી ) (ઉ. વ.–૭૨) તા. ૧૭–૧૨–૮૦ના મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* સાગર નિવાસી શ્રીમતિ સંધ્યા નિર્મળકુમાર સિંઘઈ ( ઉ. વ. ૨૧ ) તા. ૯–૯–૮૦ ના રોજ અચાનક સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી વ્રજલાલ મગનલાલ શાહના ધર્મપત્નિ હીરાબેન ( ઉ. વ.–૫૮ ) તા. ૨૯–૧૨–૮૦ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદ નિવાસી કનુભાઈ લક્ષ્મીચંદ શાહના માતુશ્રી કસ્તુરબેન ( ઉ. વ.–૮૨ ) તા. ૧૦–૧–૮૧ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી રતીલાલ માણેકચંદ સંઘવીના ધર્મપત્નિ કસ્તુરબેન (ઉ. વ.–૭૨) પોષ સુદ ૧૨ના સ્વર્ગવાસ પામ્યા છે.

* ખંડવાનિવાસી પન્નાલાલજી (ઉ. વ. ૬૫ લગભગ) ઈન્દોરમાં સોનગઢ પરમાગમ પંચકલ્યાણકની ફિલ્મ જોતાં જોતાં જ હાર્ટએટેકટથી તા. ૧૮–૧–૮૧ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* ભોપાલ નિવાસી શ્રી ડાલચંદજી જૈન શરાફ (ઉ. વ.–૫૭) ઈન્દૌર પંચ-કલ્યાણક પ્રસંગે આવેલ ત્યાં તેઓ તા. ૨૩–૧–૮૧ ના સ્વર્ગવાસ થયો છે.

* સાવરકુંડલા નિવાસી લહેરચંદભાઈ હરજીવન દોશી (સ્વ. જગજીવન બાઉચંદ દોશીના ભત્રીજા) (ઉ. વ.–૫૩) તા. ૩૦–૧–૮૧ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરા નિવાસી ચંદુલાલ ધરમશી ગાંધી (ઉ. વ. ૫૦) તા. ૭–૨–૮૧ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરા નિવાસી પ્રભુદાસ હરગોવિંદદાસ ગોસળીયા (વર્ષ–૬૬) તા. ૨૦–૨–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દિલ્હી નિવાસી નેમિચંદજી જૈન (દિલ્હી મુમુક્ષુ મંડળ પ્રમુખ) (ઉં. વ. ૬૮) તા. ૨૧–૧૨–૮૦ ના સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારી અમૃતવાણીનો લાભ લેતા હતા. વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. સદ્‌ગત આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામે એ જ ભાવના.

## —: આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી :—

પ્રકાશન સ્થાનઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર).

પ્રકાશન તારીખઃ—દરેક માસની પહેલી તારીખ.

પ્રકાશકઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.

મુદ્રકઃ—મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.

સંપાદકઃ—નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ.

તંત્રીઃ—ડૉ. ચંદુભાઈ ટી. કામદાર

રાષ્ટ્રીયતાઃ—ભારતીય.

માલિકઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

—વ્યવસ્થાપક (–મેનેજર)

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

તા. ૧–૩–૮૧

# ....એ તો મહિમાવંત નિજદ્રવ્યમાં મશગૂલ હતા

[ ભાવનગર જિલ્લામાં આવેલા બગદાણા, રાણપરડા, ધાણા, ભાદ્રોડ, તળાજા, મોરચૂમણા આદિ ગામોમાં વસતાં હરિજન બંધુઓનું એક મુમુક્ષુ મંડળ બગદાણામાં છે. તેઓ લગભગ રૂપિયા વીશ–પચ્ચીસ હજાર કાઢીને સ્વાધ્યાય માટે ગુરુદેવશ્રીનું સ્મારક ભવન–સરસ્વતી મંદિર બનાવી રહ્યા છે. તેમની ભાષામાં જ તેઓનો ભાવ દર્શાવતો શ્રદ્ધાંજલિ લેખ આપવામાં આવ્યો છે.—સં. ]

દર્દ સાથ લખવાનું કે ગુરુદેવનું સ્વર્ગસ્થ થયું એથી અત્યંત દુઃખ છે. કારણ કે તેઓ આપ્ત પુરુષોનાં પરમાગમરૂપી વચનામૃતના નિચોડ કરી ભૂલેલાને ભાન કરાવતા કે તું તારા નિજદ્રવ્યમાં દૃષ્ટિ છે. અને દ્રવ્યદૃષ્ટિ વિના મુક્તિ નથી. તેથી ગુરુ કહાન હરદમ યાદ આવે છે. પણ ગુરુદેવ અખૂટ જ્ઞાનભંડાર ખૂલતા ગયા છે. ગુરુદેવ મહિમાવંત બન્યા એનું કારણ કે એ મહિમાવંત નિજદ્રવ્યમાં મશગુલ હતા.

એમનાં વારંવાર આહ્લાદનાં 'આહાહા !!!' નાં ઉદ્ગાર બાહ્યઅભ્યંતર અખંડ ટંકોત્કીર્ણ હતા.

અમારા પણ અહોભાગ્ય કે અમને ગુરુનો સહયોગ મળ્યો. અમારી પેઢીઓની પેઢી આવટી જાય છતાં—જૈન સિદ્ધાંત સમજવા કયાંથી મળે એ બધો પ્રતાપ ગુરુદેવનો. કેમકે કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રથી છોડાવીને સત્ય સનાતન જૈન દિગંબર અનેકાંત માર્ગ ઓળખાવ્યો.

ગુરુદેવનાં જન્મસ્થાનમાં કમળ ઉપર ઉમરાળા સ્વસ્તિક છે અને એ સ્વસ્તિકનું સ્થાપન જોઈ અમારા મનમાં ઉર્મિ જાગી કે આપણને ગુરુદેવ જે સુશાસ્ત્રોનો સાર સમજાવતા તેનું અધ્યયન થાય, અને એમનાં શબ્દો નિરંતર ગૂંજ્યા કરે, એવું વિચારીને બગદાણા સ્વસ્તિકનું નાનકડું સ્વાધ્યાય માટે મંદિર બનાવીએ છીએ. તેમાં સ્વસ્તિકનું પ્રતીક અને ગુરુદેવનો ફોટો રાખશું. ગુરુદેવના ગુણાનુવાદ ગાશું.

એકવાર ગુરુદેવ એકલા બેઠા હતા. અમે દર્શનાર્થે ગયા અને પછી ગુરુદેવ બોલ્યા અહિંયા તો એકલી આત્માની વાતો છે બીજી વાત કોઈ નથી બસ એ જ બોલ્યા અને અમોને પણ એ ભાવના હતી કે ગુરુદેવ કાંય બોલે એ અમર બોલે છે. અને એ અમર બોલ અમોને ટંકોત્કીર્ણ થઈ ગયા છે. સદ્બોધ અમોને મળી ગયો.

એ ગુરુદેવના અમર બોલ પર મેં છ–કડી લખેલ છેઃ—

આવજા કરતાં કહાન દર્શને અમો, એમા એકવાર મળી એકાંત;<br>
સદ્બોધનું ગુરુએ કર્યું સંબોધન, અહિંયા છે એકલી આત્માની વાતો અનેકાંત.<br>
અહિંયા તો એકલી આત્માની વાતો, એ વીતરાગ વચન આરપાર,<br>
સત્યદેવને એ સોટચ ચોટેલ; "આહાહા !!!" ગુરુના અમર રહ્યાં ઉદ્ગાર.

[ અનુસંધાન પાનું ૨૯ જુઓ ]

## ❊ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી ❊

૧૩૭૪ શ્રી જ્ઞાનકલા પ્રોવીજન સ્ટોર્સ અમદાવાદ

૧૩૭૫ ,, ભરતકુમાર ચંદુલાલ સંઘવી ,,

૧૩૭૬ ,, અમોઘચંદ્ર ચંદુલાલ સંઘવી ,,

૧૩૭૭ ,, પ્રફુલચંદ્ર કાંતીલાલ રીંગવાલા ,,

૧૩૭૮ ,, હસમુખલાલ મોતીલાલ સોનગઢ

૧૩૭૯ ,, કુસુમબેન અમીચંદ દોશી મલાડ

૧૩૮૦ ,, પ્રમીલાબેન ઓમપ્રકાશ જૈન ખંડવા

૧૩૮૧ ,, હરજીવનદાસ ગીરધરલાલ શાહ અમદાવાદ

૧૩૮૨ ,, અરવીંદકુમાર બ.ટવીયા રાયપુર

૧૩૮૩ ,, એચ. એમ. મહેતા મુંબઈ

૧૩૮૪ ,, છબાલાલ કેશવલાલ કોટડીયા હીંમતનગર

૧૩૮૫ ,, હીંમતલાલ ઇશ્વરલાલ શાહ મહેસાણા

૧૩૮૬ ,, બાબુભાઈ નગીનદાસ શાહ ,,

૧૩૮૭ ,, પારસનાથ દિગંબર જિન મંદિર લીંબડી

૧૩૮૮ ,, મૌલીકભાઈ રમેશચંદ્ર શાહ માટુંગા

૧૩૮૯ ,, શાંતાબેન દેવજીભાઈ બોટાદ

૧૩૯૦ ,, સુગનચંદ કમલકુમાર જૈન સોનગઢ

૧૩૯૧ ,, બીપીનચંદ્ર ચીમનલાલ શાહ વઢવાણ

૧૩૯૨ ,, પ્રાણલાલ ન્યાલચંદ શાહ લીંબડી

૧૩૯૩ ,, કીરણકુમાર ચંદુલાલ સંઘવી અમદાવદા

૧૩૯૪ ,, મહાસુખલાલ ધનજીભાઈ અજમેરા ઘાટકોપર

૧૩૯૫ ,, શશીકાંત પ્રેમચંદ શાહ વીંછીયા

૧૩૯૬ ,, ચીમનલાલ ત્રીભોવનદાસ ખારા ,,

૧૩૯૭ ,, ધનજીભાઈ લહેરચંદ અજમેરા ,,

૧૩૯૮ ,, ભોગીલાલ લાલચંદ શાહ મુંબઈ

૧૩૯૯ શ્રી લહેરચંદ હરજીવનદાસ દોશી સાવરકુંડલા

૧૪૦૦ ,, મુક્તાબેન જગજીવન દોશી વડોદરા

૧૪૦૧ ,, શાંતીલાલજી માંગીલાલજી સોગાની મહીદપુર

૧૪૦૨ ,, ભગવાનદાસ જે. કામદાર હૈદ્રાબાદ

૧૪૦૩ ,, સેવન સન્સ સીંડીકેટ સીકન્દ્રાબાદ

૧૪૦૪ ,, છોટાલાલ માનસંગ શાહ હૈદ્રાબાદ

૧૪૦૫ ,, રમેશભાઈ એમ. કામદાર અમદાવાદ

૧૪૦૬ ,, કુમુદચંદ્ર કે. દોશી હીંમતનગર

૧૪૦૭ ,, માધવલાલ મંગળદાસ ગાંધી તલોદ સ્ટેશન

૧૪૦૮ ,, રતીલાલ કસળચંદ ડગલી મલાડ

૧૪૦૯ ,, ઠાકરશી ડાહ્યાભાઈ શાહ વીંછીયા

૧૪ ૦ ,, પ્રભુદાસ વૃજલાલ મહેતા અમરેલી

૧૪૧૧ ,, હરીચંદ ડાહ્યાભાઈ બેટાદરા વીંછીયા

૧૪૧૨ ,, રતીલાલ કેશવલાલ ગાંધી અમદાવાદ

૧૪૧૩ ,, જીવણલાલ ગોપાળજી ઝાટકીયા ચલાળા

૧૪૧૪ ,, રતીલાલ મગનલાલ અમદાવાદ

૧૪૧૫ ,, વર્ષાબેન મુકેશકુમાર ઝોબાલીયા વસઈ

૧૪૧૬ ,, મનસુખલાલ હીરાલાલ ભાયાણી ભાવનગર

૧૪૧૭ ,, દીપાલી જયંતીલાલ અજમેરા ચોટીલા

૧૪૧૮ , ખ્યાલીલાલ ચીમનલાલ જૈન કુંજાડ

૧૪૧૯ ,, ઉજમશી ભાયચંદ રૂપેરા ગઢડા

૧૪૨૦ ,, ઇંદીરા એચ. પારેખ જમશેદપુર

૧૪૨૧ ,, ડાયાલાલ પાનાચંદભાઈ ભાયાણી લાઠી

૧૪૨ ,, મનહરલા લ રતીલાલ દોશી જેતપુર

**આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/=** [ ક્રમશઃ ]

સંપાદક : નાગરદાસ બી. મોદી તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૨૦૦

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250

મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦ ]